Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

भो भव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्त-दुपदेशः । विधेयाहिताग्निनेवाग्नेस्तदुपचर्या । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्श-नीयस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्म-शास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाले परीक्ष्य वचनं । न ग्रहणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्प-नमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः । विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

પુસ્તક ૨૫ મું. વૈશાખ. સં. ૧૯૬૫. શાકે. ૧૮૩૧. અંક ૨ જો.

## જગતની અસ્થિરતા વિષે.

( નરશી મહેતાના ભજનનો )

વહાલા વેગે આવો રે, દયા દીલ લાવોરે, એ ઢાળ.

જીવ જો વિચારીરે, કાળ ભમે દા'રીરે, પ્રભુને વિસારી મુકયા પ્રાણીએ હોજી.<br>
જીવ તારા ધર્મનો મર્મ સંભાળ. પ્રભુને વિસારી મુકયા ૦ ટેક.

કોઈ જાય આજે કાલ કોઇ સ્થાઇ રહ્યા નહીં જાણીયે,<br>
પંથી ટકયો નહીં કોઇ જો પરદેશવાસી પ્રાણીઓ,<br>
કાયા નહીં ગઇ કોઈ લ્હારી રે. પ્રભુને૦ ૧

તનરંગ ગંગતરંગરંગ પતંગ સમ પલટાય છે,<br>
ચળ પાનપીપળ કાનકુંજર વાદળી વીખરાય છે,<br>
ગંદી કાયા મળમૂત્ર કયારી રે. પ્રભુને૦ ૨

અથિર તન ધન સ્વજન મેળો અંતમાં અળગો થશે,<br>
જીવ જવું ખાલી હાથ આખર સાથ નવ કોડી જશે,<br>
મૂર્ખો મમતા ન મૂકે અનાડી રે. પ્રભુને૦ ૩

મોહાંધ ઘેલો અજ્ઞ થઈ તાતો કષાય વિષે થયો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરરમણીથી રંગે રમ્યો કામાંધ કુમાર્ગે વહ્યો,
શિક્ષા ભલી સંતની કાન ન ધારી રે. પ્રભુને૦ ૪
હિંસા મૃષા ચોરી અને ચુગલી કરી રાજી થયો,
પૃથ્વીતણું ધન પામવા પામર કુકર્મ કરી રહ્યો,
જીવડે મુક્તિની જુક્તિ ન ધારી રે. પ્રભુને૦ ૫
દિન એકમાં ઘડી હોય ભજ ભગવાનને ભક્તિ થકી,
ભક્તિ થકી મુક્તિ મળે સત્કર્મમાં જો રહે ટકી,
શિક્ષા સાંકળચંદ લે સ્વિકારી રે. પ્રભુને૦ ૬

# श्री ज्ञानसार सूत्र विवरण.

જૈન તત્વજ્ઞાન–( jain philosophy )

## ' स्थिरता अष्टक ' ( ३ )

( અનુસંધાન પૃષ્ટ ૨૩ થી. )

જો આત્મામાં સહજ સ્થિરતા ગુણ જાગે તો કેટલો બધો ફાયદો સ્વભાવિક રીતે થાય તે શાસ્ત્રકાર પોતેજ હવે બતાવે છેઃ—

स्थैर्यरत्नप्रदीपश्चेद्, दीप्रः संकल्पदीपजैः ।
तद्विकल्पैरलं धूमैरलं धूमैस्तथाश्रवैः ॥ ६ ॥

**ભાવાર્થ**—જો સ્થિરતા રૂપી દેદીપ્યમાન રત્નનો દીવો ( હૃદયમંદિરમાં ) પ્રગટે તો ખોટા સંકલ્પોવડે માઠા વિકલ્પો વાધે નહીં, તેમજ પાપકારી અશુભ આશ્રવો પણ પ્રભવે નહીં–પેદા થાય નહીં.

**વિવરણ**—જો એક સ્થિરતા–નિશ્ચળતારૂપી અંતરંગ સ્વભાવિક દીવો આત્મામાં પ્રગટ્યો હોય તો, પછી બાધકભૂત સંકલ્પ–વિકલ્પોનું તથા મલીન એવા પાપાશ્રવોનું કંઇ પણ જોર ચાલી શકેજ નહીં. જેમ કોઇ એક સુંદર મહેલમાં અચળ એવી સ્વભાવિક જ્યોતિવાળો રત્નનો દીપક જગાવ્યો હોય તો, પછી તેમાં કૃત્રિમ દીવા કરવાનું કંઇ પ્રયોજન રહે નહીં. જ્યારે કૃત્રિમ દીવા કરવાનીજ જરૂર રહી નહીં તો પછી ધુમાડાથી અને કાજળથી મહેલની મલીનતા થાયજ શી રીતે? તે તો જ્યારે કૃત્રિમ દીવા કરવા પડતા હોય ત્યારેજ થવી સંભવે. સ્વભાવિક જ્યોતિવાળા રત્નદીપકથી ઉપરની સર્વ ખટપટ મટી જાય છે, અને પ્રકાશ પણ સુંદર મળે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ જ્યારે આત્મામાં સ્વભાવિક પ્રકાશ અને શીતળતાને આપનારો સ્થિરતારૂપી સહજ દીપક પ્રગટ થયો, તો પછી કૃત્રિમ સુખશાંતિને માટે ખોટા સંકલ્પ કરવા રૂપ ક્ષણિક દીપક જગાવવાની શી જરૂર ? તાત્પર્ય કે આત્મામાં અચળ સ્થિરતા પ્રગટ્યાં બાદ એવી શાંતિ પસરે છે કે, પછી કૃત્રિમ સુખશાંતિ માટે કંઇ પણ પ્રયત્ન કરવો પડતોજ નથી. અરે ! અખંડ રાજ્યને પામીને અસાર વસ્તુને માટે કોણ યત્ન કરે ? સંકલ્પ પછી વિકલ્પોની શ્રેણી જાગે છે અને એવાં ખોટાં સંકલ્પ વિકલ્પોથી આત્મામાં અશુભ કર્મનું આવાગમન થાય છે, તે આવા સ્થિરતાવંતને સંભવતું નથી, કેમકે તેને એવા કૃત્રિમ સુખને માટે સંકલ્પવિકલ્પોજ સંભવતા નથી, તો તેવા કારણ વિના પાપ આશ્રવ સંભવેજ કેમ ? એવી રીતે સંકલ્પ વિકલ્પોથી અને પાપ આશ્રવથી સહેજે દૂર રહેવાથી સ્થિરતાયોગે આત્મા અપૂર્વ સુખ શાંતિનો સાક્ષાત્ અનુભવ કરે છે–કરી શકે છે. ખરૂં જોતાં આત્માના સ્વભાવિક જ્ઞાનાદિક ગુણમાંજ રમણ કરવું, તેમાંજ સ્થિર થવું તેજ નિર્મળ ચારિત્ર છે, અને એવા ચારિત્રવડેજ આત્મા અપૂર્વ સમાધિ–સુખનો સાક્ષાત્ અનુભવ કરીને અંતે અવિનાશી એવા મોક્ષપદને વરે છે, જ્યાં જન્મમરણની, સંયોગવિયોગની કે આધિ વ્યાધિ સંબંધી રંચ માત્ર ઉપાધિ નથી; એવું નિરૂપાધિક શાશ્વત મોક્ષસુખ સહજ સ્થિરતાવંતનેજ પ્રાપ્ત થાય છે, એવી સહજ સ્થિરતા સતત અભ્યાસના યોગે પ્રાપ્ત થઈ શકે છે, અને એવો શુભ અભ્યાસ પણ સંસારિક ઉપાધિ સર્વથા અથવા અંશે ઓછી કરવાથીજ બની શકે છે. મોહાતુર જીવોએ જે સંસારિક ઉપાધિને સુખરૂપ માનેલ છે તેને જ્ઞાની વિવેકી જનો કેવળ દુઃખરૂપ જાણીને તજી દે છે. જેમણે જગતની ક્ષણભંગુર વસ્તુઓનો સારી રીતે અનુભવ લઈ તેમાં અસારતા જોઇને તેનો ત્યાગ કર્યો છે, તેમનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હોવાથી તે સ્થિર ટકી રહે છે, તેવા સમર્થ પુરૂષો સંસારિક સંબંધને સર્પની કાંચળીની જેમ તજી દઇ તેને ફરી આદરતા નથી; પરંતુ જેમનો વૈરાગ્ય દુઃખગર્ભિત અથવા મોહગર્ભિતજ હોવાથી કાચો છે, તેઓને તુચ્છ વિષયોમાં લલચાઈ જતાં વાર લાગતી નથી. છતાં જો તેમને પણ ભાગ્યવશાત્ કોઇ સત્સમાગમ યોગે તેનું યથાર્થ ભાન થઇ જાય છે તો તે શુદ્ધ વૈરાગ્યથી વાસિત થઇ અનુક્રમે આત્મગુણમાં સ્થિર થઇ શકે છે. તાત્પર્ય કે જેને તેને જ્યારે ત્યારે પણ પરઉપાધિને સર્વથા તજી આત્માના સહજ ગુણમાં સ્થિરતા કર્યેજ કલ્યાણ છે. આત્મામાં સહજ સ્થિરતા ગુણને પ્રગટાવવાથીજ જીવનું કલ્યાણ થવાનું છે, એમ જાણતા છતાં જો તેનો અનાદર કરીને અસ્થિરતા અથવા ચપળતાનુંજ સેવન કરવામાં આવશે તો આત્માને કેટલી હાનિ થશે તેનું શાસ્ત્રકાર પોતેજ ભવ્ય જીવોને કંઇક ભાન કરાવે છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उदीरयिष्यसि स्वांतादस्थैर्यपवनं यदि ।
समाधेर्धर्ममेघस्य, घटां विघटयिष्यसि ॥ ७ ॥

**ભાવાર્થ**—જો તું અંતરથી અસ્થિરતા રૂપી પવનને ઉદીરીશ એટલે જો તું તારૂં ચિત્ત ચંચળ કરીશ તો તું સમાધિરૂપ ધર્મમેઘની ઘટાનો નાશ કરીશ, એટલે તારી સમાધિનો બિલકુલ લોપ થઇ જશે, અને પુનઃ સમાધિ પામવી મુશ્કેલ થઇ પડશે. તાત્પર્ય કે મનની અસ્થિરતા એજ સર્વ દુઃખનું મૂળ છે, અને સ્થિરતા એજ સર્વ સુખશાંતિનું સબળ સાધન છે.

**વિવરણ**—સ્થિરતાયોગે આત્મામાં પ્રગટ અનુભવાતું સત્ય સુખ લક્ષમાં સ્થાપીને અને તેના ચિર પરિચયથી ભવિષ્યમાં થનારા અવિનાશી એવા મોક્ષસુખને પુનઃ પુનઃ સંભારીને આત્માર્થી જનોએ સહજ સ્થિરતા ગુણનોજ અહોનિશ અભ્યાસ કરવો યોગ્ય છે. તેમજ અસ્થિરતાયોગે આત્મામાં પ્રગટ અનુભવાતા દુઃખને અથવા સત્ય સુખના વિયોગને લક્ષમાં રાખી તેવીજ અસ્થિરતાને પુનઃ પુનઃ ઉપેક્ષા પૂર્વક સેવવાથી આત્માની ભવિષ્યમાં થનારી અત્યંત અધોગતિને વારંવાર યાદ લાવીને મોક્ષાર્થી જનોએ તેવી દુઃખદાયી અસ્થિરતાને દૂર તજવી યોગ્ય છે, સ્થિરતા એ એકાંત સુખનો રસ્તો છે, અને અસ્થિરતા એ એકાંત દુઃખનોજ માર્ગ છે, એમ સારી રીતે મનમાં નિર્ધારીને અહિતકારી એવો અસ્થિરતાનો માર્ગ સર્વથા તજવાને ભવ્ય જનોએ સ્વતઃ ઉજમાળ થવું જોઇએ;તેમ છતાં જો તું સ્વતઃ અસ્થિરતાને ઉદીરીશ એટલે અસ્થિરતા પ્રગટ થાય એવાંજ વિરૂદ્ધ કારણોને આપમતિથી સેવીશ તો તેથી તારી અત્યાર સુધીમાં વાધેલી સુખશાંતિનો પણ લોપ થઇ જશે. જે સુખશાંતિનો સાક્ષાત્ અનુભવ લેવા તું ભાગ્યશાળી બન્યો છે તેનો પણ લોપ તારીજ ગફલતથી થઇ જશે, તો પછી અભિનવ સુખશાંતિની આશાજ શી? જેમ પ્રબળ પવનના યોગથી ઘડીવારમાં મેઘની ઘટા વિખરાઇ જાય છે, અને મેઘની ઘટાથી ઉત્પન્ન થએલી શુભ આશા પ્રબળ વાયુના જોગથી ક્ષણમાં વિસરાળ થઇ જાય છે, તેમ અસ્થિરતાના યોગે થોડાજ વખતમાં પૂર્વ પ્રયત્નથી વાધેલી સમાધિનો લોપ થઇ જાય છે; અને યોગની અસ્થિરતાથી સમાધિનો લોપ થતાં દુઃખમાત્ર અવશિષ્ટ રહે છે, એમ સમજીને પ્રાપ્ત સમાધિને સાચવી રાખવા અને અભિનવ સમાધિને પ્રગટ કરવા અનિષ્ટ અસ્થિરતાને શમાવી દઈ સ્થિરતા ગુણનું સવિશેષ સેવન કરવા તત્પર રહેવું જોઇએ. તેટલામાટે પ્રથમ શુભ યોગનું સેવન કરીને અશુભ યોગને તજવા જોઇએ. જેમ રોગી માણસને ઔષધની જરૂર પડે છે, તેમ ચપળ સ્વભાવથી સંસારી જીવોને પણ પોતાના મન વચન અને કાયાની શુદ્ધિ માટે શુદ્ધ નિરંજન પરમાત્માની પૂજા પ્રતિષ્ઠાદિક દ્રવ્યકરણીની આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વશ્યકતા છે, શુભ અથવા શુદ્ધ લક્ષથી કરવામાં આવતી દ્રવ્યક્રિયા પણ ભાવની શુદ્ધિ માટેજ થાય છે, એમ લક્ષપૂર્વક સત્ પ્રવૃત્તિ કરતાં અનુક્રમે અભ્યાસના બળથી ચિત્તાદિકની શુદ્ધિ થઈ શકે છે. જેમને સર્વ સંયમની યોગ્યતા પ્રાપ્ત થઈ છે તેવા ભવભીરૂ જનોને દ્રવ્યપૂજાદિકની જરૂર રહેતી નથી, તેમને તો ઇંદ્રિય અને કષાયના નિગ્રહથી તથા અહિંસાદિક મહાવ્રતોનું યથાવિધિ પાલન કરવાથી સેહેજે ભાવશુદ્ધિ પ્રાપ્ત થાય છે; પરંતુ મંદ અધિકારી એવા ગૃહસ્થોએ એવા સમર્થ સાધુજનોનો દાખલો લઈને સ્વયોગ શુદ્ધિનો મુખ્ય માર્ગ તજી દેવો નહિ. ગૃહસ્થોને માટે સ્વયોગ શુદ્ધિનો બીજો સરલ ઉપાય સામાયક, દેશાવગાશિક અને પૌષધ વિગેરેનું સમ પરિણામથી સેવન કરવું, હિંસાદિ અવ્રતોનો ત્યાગ કરવો અને યથાશક્તિ ઇંદ્રિય તથા કષાયને દમવા પ્રયત્ન કરવો એ છે. દાન, શીળ, તપ અને ભાવનાનું યથાશક્તિ સેવન કરવાથી ગૃહસ્થ પણ સ્વયોગની શુદ્ધિ કરી શકે છે. તે સર્વમાં ભાવનાનું પ્રધાનપણું કહ્યું છે. સંસારની અનિત્યતા–અસારતા ચિંતવવી. કેવળીભાષિત ધર્મજ જીવને તત્ત્વથી શરણભૂત છે. જીવ શુદ્ધ ધર્મનું સેવન કર્યા વિના પ્રમાદવશાત્ કુકર્મ કરીને સંસારચક્રમાં ફર્યા કરે છે, એ વિગેરે દ્વાદશ ભાવના વડે ભવ્ય જીવો ભવનો અંત લાવી શકે છે. જગત્માં સહુ કોઇ મારા મિત્ર છે, કોઇ મારો વૈરી નથી, સહુ સુખી થાઓ, કોઈ દુઃખી ન થાઓ, સહુ સન્માર્ગ સન્મુખ થાઓ, અને ઉન્માર્ગથી વિમુખ થાઓ, એવી બુદ્ધિને જ્ઞાની પુરૂષો **મૈત્રીભાવના** કહે છે. સર્વ સદ્ગુણી જનોમાં રહેલા સદ્ગુણો સદા સર્વદા અનુમોદનીય છે. તેવા સદ્ગુણી જનોને દેખી મનમાં પ્રમુદિત થવું તે **પ્રમોદભાવના** કહેવાય છે. દુઃખી જનોની દાઝ દીલમાં ધારી પોતાથી બને તેટલી સહાય તેમને કરવી અને બની શકે તો તેમનું દુઃખ સર્વથા દૂર થાય એવા ઉપાય દીર્ઘદર્શીપણાથી યોજી આપવા તે **કરૂણાભાવના** કહેવાય છે. તેમજ અતિઘોર અને નિંદ્ય કર્મને કરનારા નીચ જનો ઉપર રાગ કે દ્વેષ નહિ કરતાં તેમનાથી વિરક્ત થઇ રહેવું તે **મધ્યસ્થભાવના** કહેવાય છે. એવી ભાવના ભવ્ય આત્માનેજ સંભવે છે, અને તે ઉત્તમ રસાયણ જેમ રોગીને ગુણકારી થાય છે તેમ અત્યંત હિતકારી થાય છે. ઉપર કહેલી ભાવના વડેજ કરેલી ધર્મકરણી લેખે પડે છે; પણ ભાવના વિના તો કરેલી કરણી કેવળ ક્લેશરૂપ થઇ પડે છે. અલૂણા ધાનની જેમ ભાવના વિનાની કરણી જીવને રૂચતી નથી, અને રૂચિ વિનાની ક્રિયા ક્લેશ રૂપજ થાય એ સ્વાભાવિક છે. રૂચિ અને પ્રીતિ એ સાધનનાં મુખ્ય અંગ છે, તે વિના સાધક સ્વસાધ્યની સિદ્ધિ કરી શકતોજ નથી. એવી ઉત્તમ રૂચિ અને પ્રીતિને પેદા કરવા અને પુષ્ટ કરવા માટે પૂર્વોક્ત **ભાવના અમૃત સમાન છે.** ઉક્ત ભાવનામૃતનું સતત સેવન કરવાથી યોગની અસ્થિરતા દૂર થાય છે, સ્થિરતા ગુણ પ્રકટ થાય છે, અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને અનુક્રમે તેની પુષ્ટિ થતી જાય છે, માટે મોક્ષાર્થી જનોએ સ્થિરતા ગુણની પ્રાપ્તિ અને વૃદ્ધિ કરવા માટે ઉપર કહેલા ભાવના અમૃતનું વિશેષે સેવન કરવું યુક્ત છે.

હવે સિદ્ધ ભગવાન્‌માં પણ સ્થિરતારૂપ ચારિત્ર સદા વિદ્યમાન છે,એમ સમજાવી સાધુજનોને એવી સ્થિરતાનુંજ સેવન કરવા શાસ્ત્રકાર આગ્રહ કરે છે–

चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते ।
यतंतां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥ ८ ॥

**ભાવાર્થ**—સ્થિરતારૂપ ચારિત્ર તો સિદ્ધ પરમાત્મામાં પણ ઇષ્ટ છે એમ સમજી નિર્ધારીને આવી એકાંત સુખદાયી સ્થિરતાનેજ પ્રગટ કરવા અને તેનેજ પુષ્ટિ આપવા મુનિઓએ અવશ્ય યત્ન કરવો જોઈએ. સ્થિરતાની સિદ્ધિમાંજ પોતાની સિદ્ધિ રહેલી છે.

**વિવરણ**—પોતાના અસંખ્ય પ્રદેશમાં રહેલા અનંતજ્ઞાન દર્શનાદિક નિજ ગુણમાં અહોનિશ સ્થિરતા, શુદ્ધ અને અખંડ એવા જ્ઞાનાદિક અનંત ગુણોમાંજ આત્મ રમણતા, નિર્મળ જ્ઞાનાદિક ગુણોનુંજ એકત્વપણે આલંબન,આત્માના સહજ સ્વભાવિક સંશુદ્ધ જ્ઞાન દર્શનાદિક ગુણોમાંજ નિમગ્નતા, આત્માના એવા સહજ સ્વભાવમાંજ જે એકતા તેજ શુદ્ધ અખંડ અને અનંત એવું ક્ષાયિક ચારિત્ર કહેવાય છે. એવું ચારિત્ર ક્ષીણમોહી, સયોગી કેવળી અને અયોગી કેવળીને જેમ હોય છે તેમ ‘ નિજ ગુણ એકત્વતા ’ રૂપ સ્થિરતા ચારિત્ર સિદ્ધ ભગવાનોમાં પણ નિઃસંશય રીતે હોવું ઘટે છે. આત્માના સ્વભાવિક શુદ્ધ જ્ઞાનાદિક અનંત ગુણોમાં યા આત્માના શુદ્ધ સ્વભાવમાં સંપૂર્ણ એકતા યા સ્થિરતા વિના શુદ્ધ અખંડ અને અનંત એવું ક્ષાયક ચારિત્ર કોઈને કદાપિ સંભવતુંજ નથી. જ્યાંસુધી મોહનીય કર્મ સર્વથા ક્ષીણ થયું ન હોય એટલે કે જ્યાંસુધી મોહ નિર્મૂળ થયો ન હોય ત્યાંસુધી ક્ષાયક ચારિત્ર સંભવેજ નહીં, અને જ્યાંસુધી અવશેષ રહેલાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મ સર્વથા ક્ષીણ–નષ્ટ થયાં ન હોય ત્યાં સુધી તેવી સંપૂર્ણ સ્થિરતા –આત્મએકત્વતા સંભવેજ નહિ. સર્વ ઘાતીકર્મોનો સર્વથા ક્ષય થયે છતે તત્કાળ તેવી આત્મએકત્વતા પ્રગટે છે. તો પછી ઘાતી અને અઘાતી કર્મનો સર્વથા ક્ષય કરીને સંપૂર્ણ સિદ્ધદશાને પ્રાપ્ત થયેલા સિદ્ધ ભગવાનમાં સંપૂર્ણ સ્થિરતા–આત્મ એકત્વતા અખંડ બની રહે તેમાં આશ્ચર્ય શું ! સર્વ સિદ્ધ ભગવાનોમાં તેવી અખંડ આત્મ એકત્વતા યા સ્થિરતા સર્વબાધક કર્મના અભાવે અવશ્ય હોવી ઘટે છે–હોય છે.

આ પ્રમાણે સિદ્ધ ભગવાનમાં સ્થિરતા ચારિત્રનું અસ્તિત્વ સમજાવીને શાસ્ત્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર સર્વ મુમુક્ષુ જનોને એવી આત્મએકત્વતા પ્રગટ કરવા સ્થિરતા ગુણનું યત્નથી સેવન કરવા ભલામણ કરે છે. પ્રથમ ક્ષુદ્રતાદિક દુષ્ટ દોષોનું દલન કરી, અક્ષુદ્રતાદિક ઉત્તમ ગુણોનો અભ્યાસ કરી, ધર્મયોગ્યતાને પામી, સદ્‌ગુરૂની યથાવિધિ સેવા કરી, ધર્મશાસ્ત્રનું પ્રમાદરહિત શ્રવણ મનન અને યથાશક્તિ પરિશીલન કરી, સમ્યગ્‌ દર્શનવડે તત્ત્વ નિશ્ચય કરી, સમ્યગ્‌જ્ઞાનવડે તત્ત્વ અવબોધ મેળવી અને સમ્યગ્‌ચારિત્રવડે તત્ત્વ રમણ કહો કે સ્વભાવ રમણનો શુભ અભ્યાસ સેવીને અનુક્રમે સ્થિરતા ગુણને ખીલવી, મોક્ષાર્થી સાધુ અંતે આત્મ એકત્વતા યાને સંપૂર્ણ સ્થિરતા ચારિત્રને પ્રાપ્ત કરી શકે છે. તેવી સંપૂર્ણ સુખદાયી દશા પ્રગટ કરવાને સર્વ બાધક કારણોને બહુ સાવધાનતાથી દૂર કરવાની અને સર્વ સાધક કારણોને બહુ યત્નથી આદરવાની જરૂર પડે છે. એમ કરીને અનુક્રમે સર્વ ઇંદ્રિયજય અને સર્વ કષાયજય કરતાં, આત્મા શાંત પ્રશાંત અને ઉપશાંત બની જાય છે. આવો શાંત પ્રશાંત અને ઉપશાંત આત્માજ સંપૂર્ણ સ્થિરતાનો–કહો કે શુદ્ધ સ્વભાવ રમણનો પૂર્ણ અધિકારી હોઈ શકે છે. પ્રસંગોપાત પૂર્ણસ્થિરતાપ્રાપ્ત પરમાત્માનું અથવા સિદ્ધ આત્માની સ્થિતિનું કંઈક દિગ્‌દર્શન કરાવવા **શ્રીમદ્‌ પદ્મવિજયજી મહારાજે** શ્રી સિદ્ધપદની પૂજામાં આ પ્રમાણે વર્ણન કર્યું છે—

ઢાળ—રાગ ફાગ—

**સિદ્ધ ભજો ભગવંત, પ્રાણી પૂર્ણાનંદી; સિદ્ધ૦**
**લોકાલોક લહે એક સમયે, સિદ્ધિ વધૂ વરકંત; પ્રાણી ૦**
**અજ અવિનાશી અક્ષય અજરામર, સ્વ દ્રવ્યાદિક વંત. પ્રાણી.૧**
**વર્ણ ન ગંધ ન રસ નહિ ફરસ ન, દીર્ઘ હ્રસ્વ ન હુંત; પ્રાણી ૦**
**નહિ સૂક્ષ્મ બાદર ગત વેદી, ત્રસ થાવર ન કહુંત. પ્રાણી.૨**
**અક્રોધી અમાની અમાયી અલોભી, ગુણ અનંત ભદંત; પ્રાણી ૦**
**પદ્મવિજય નિત્ય સિદ્ધ સ્વામીને, લળિ લળિ લળિ પ્રણમંત. પ્રાણી.૩**

પરમાર્થ એવો છે કે સિદ્ધભગવાન, સ્વભાવએકત્વ યાને સંપૂર્ણ સ્થિરતા પરિણામે અક્ષયપણે પ્રાપ્ત થવાથી નિત્ય પૂર્ણાનંદમાં મગ્ન રહે છે, તેઓ કેવળ જ્ઞાન અને દર્શનથી સર્વ લોકાલોકના ભાવો એક સમયમાત્રમાં સંપૂર્ણ રીતે જાણે છે—દેખે છે, અને સંપૂર્ણ આત્મશક્તિના સ્વામી થયા છે. અશરીરી—અરૂપી શુદ્ધ ચેતનાના સ્વતંત્ર સ્વામી થયાથી તેમનામાં કોઈ પણ પ્રકારે પુદ્‌ગળ સંબંધી વિકાર સંભવતોજ નથી. તેઓને જન્મ જરા મરણ આદિ વ્યાધિ કે ઉપાધિનો લેશમાત્ર સંબંધ નથી. તેથીજ તેઓ અજ, અવિનાશી, અક્ષય અને અજરામર ગણાય છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્માની સહજ સ્વભાવિક નિષ્કષાયવૃત્તિ પ્રાપ્ત થયાથી તે અનંતાનંત ગુણના અધિપતિ થયા છે. જેઓ સદાકાળ એકાંતિક અને આત્યંતિક સુખમાં નિમગ્ન રહે છે એવા સિદ્ધ ભગવાનને અમે ત્રિકરણ શુદ્ધિથી નમસ્કાર કરીએ છીએ. જે ઉત્તમોત્તમ સ્થિરતાચારિત્રથી સિદ્ધ ભગવાન સહજાનંદમાં નિમગ્ન રહે છે તે ચારિત્ર સર્વદા અનુમોદનીય અને અનુકરણીય છે. એવી ઉત્તમોત્તમ સ્થિરતાને સાધવાને માટેજ સર્વ શુભ કરણી કરવાની છે. એવા ઉત્તમ લક્ષપૂર્વક પ્રયત્ન કરનાર પુરૂષ અંતે સફળતાને પામે છે.

# हितोपदेश.

આધુનિક સમયમાં સ્વચ્છંદપણે વર્તતા અથવા તેવી ચાહના કરવાવાળા બંધુઓને સમજવા યોગ્ય હિતવચનો :—

૧. એક અસભ્યતા ભરેલું કૃત્ય કરવાને માણસને જેમ કશો હક નથી, તેમ એક અસભ્યતા ભરેલું વાક્ય બોલવાને પણ તેને અધિકાર નથી, અર્થાત્ સામાને હિતકારી ને મિષ્ટ વચન બોલવું તેજ યોગ્ય છે.

૨ બોલવામાં ઉતાવળા થશો નહિ; તમારો ઉત્તર તમેજ જરા ધિરજથી, નમ્રતાથી અને નરમાશથી આપજો; ઘણા પુરૂષો બહાદુર સિપાઇઓ યા તો લડવૈયા હોય છે તેમ છતાં તેમની બોલવા ચાલવાની રીતભાત ઘણીજ નમ્રતા ભરેલી હોય છે.

૩ ખરી વાત કહી દેવા કરતાં ખુશકારક વાત કરવી એ કામ ઘણું સહેલું છે, પરંતુ હિતની વાત કરવામાં મધુર શબ્દો ભાગ્યેજ આવેછે. તથાપિ "સાકરથી પિત્ત શમે તો કરિયાતું ન આપવું" તે કહેવત અનુસાર મીઠા શબ્દોથી કાર્ય સિદ્ધ થાય ત્યાં સુધી કડવા શબ્દોનો ઉપયોગ કરવો નહીં.

૪ મીઠા શબ્દો માયાળુપણાનાં કૃત્યો કરી શકે છે, સારા શબ્દો વાપરવામાં કાંઇ ખર્ચ થતો નથી, અને કિમ્મત ઘણી થાય છે.

૫ હમેશાં જેની જોડે વાત કરતા હો તેના મોં સામું જોઇને બોલો. આ પ્રમાણે ન કરો તો એમ સમજાય કે તમે કાંઇક ચોભીલા છો; આ ઉપરાંત તમારી વાતથી સાંભળનારને શી અસર થઇ તે તેના મુખ ઉપરથી તમને જાણવાનો લાભ મળે તે પણ મળી શકતો નથી.

૬ સભામાં અથવા પાંચ માણસોમાં વાતોનો પ્રસંગ ચાલતો હોય, ત્યારે એકનું બોલવું પૂર્ણ થયા પહેલાં બીજાએ વચમાં બોલવું યોગ્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ કોઇ માણસના મુખ સામું તાકીને જોવાથી તેને માઠું લાગે છે, માટે એવો અણગમતો દેખાવ તમારે કદિ પણ કરવો નહિ.

૮ સર્વના બેઠા પછી બેસવું, અને સર્વના ઉઠયા પહેલાં ઉઠવું, એ સભ્યતાની નિશાની છે; તેથી ઉલટું આચરણ અસભ્યતામાં ખપે છે.

૯ બુદ્ધિમાન માણસે સામા માણસની પ્રથમ બુદ્ધિવડે પરીક્ષા કરવી, તથા વારંવાર તેની યોગ્યતા તપાસવી; તેના ગુણ દોષને શ્રવણ કરવા, અને તેનાં આચરણોને બરાબર જોવાં, એ પ્રમાણે પરિપૂર્ણ તપાસ કરીને પછી યોગ્ય જણાય તો સંપૂર્ણ પ્રેમવડે તેની મિત્રતા કરવી, બાકી જેવા તેવાની સાથે સહસા પ્રીતિ કરતાં કેટલીક વખત કલેશના ભાગી થવું પડે છે.

૧૦ અસત્ય બોલવું તેના કરતાં મુંગા રહેવું વધારે સારૂં છે, પરસ્ત્રીગમન કરવું તેના કરતાં પુરૂષત્વહીન હોવું તે વધારે સારૂં છે, દુષ્ટ માણસની વાણીમાં પ્રેમ કરવો તેના કરતાં પ્રાણનો ત્યાગ કરવો વધારે સારો છે, અને પારકે પૈસે મોજશોખ મેળવવો તેના કરતાં ભીખ માગીને મેળવેલો ખોરાક વધારે સારો છે.

૧૧ સ્વચ્છંદી બળદ હોય તેના કરતાં ગોશાળા ખાલી હોય તે વધારે સારૂં, અસભ્ય સ્ત્રી કરતાં વેશ્યાપત્ની વધારે સારી, અવિચારી રાજાના શહેરમાં રહેવું તેના કરતાં જંગલમાં વાસ કરવો વધારે સારો, તેમજ હલકા માણસ સાથે સંબંધ રાખવો તેના કરતાં પ્રાણઘાત કરવો એ વધારે સારૂં છે.

૧૨ બની શકે તો કોઇ પણ પ્રસંગે તમારી પોતાની પ્રશંસા સ્વમુખે કરશો નહિ કેમકે ખરી યોગ્યતા પોતાની મેળેજ પ્રકાશી નીકળે છે. ગુણને કાંઇ ઓપ ચડાવવામાં આવે છે ત્યારે તેની કિમ્મત જેટલા પ્રમાણમાં ઘટી જાય છે, એટલી બીજા કારણથી ઘટતી નથી.

૧૩ તમારી ઘડીયાળની પેઠે તમારી વિદ્વતા પણ અંદરના ખાનગી ખીસામાં રાખી મૂકજો, અને તે તમારી પાસે છે એમ બતાવવાની ખાતરજ તે બહાર કાઢી ઉઘાડશો નહિ. "કેટલા વાગ્યા" એમ તમને પૂછવામાં આવે તો કહેજો, પણ પહેરેગીરની જેમ વગર પૂછ્યે કલાકે કલાકે જાહેર કરશો નહિ.

૧૪ બીજા પ્રત્યે યોગ્ય લક્ષ નહિ આપવાથી આપણે સદા ગર્વિષ્ટ અને બીજાનો તિરસ્કાર કરવાવાળા ઠરીએ છીએ.

૧૫ જોવામાં, હાલવામાં, ચાલવામાં ગંભીરપણું રાખવાથી માણસોનો ભારબોજ પડે છે, એમ કરવાથી કાંઇ અક્કલ ચતુરાઇ કે આનંદનો સદ્ગુણ ઢંકાઇ જતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. શરીરનું અયોગ્ય ચાપલ્ય ને નિરંતર હસ્યા કરવું એ હલકાપણાની નિશાની છે. સમજવું જોઇએ કે તેમની એ બધી ટાપટીપ, ફક્કડાઈ, આડંબર ને અમર્યાદ વર્તનને જગત્ પછવાડેથી હસી કાઢે છે.

૧૬ અન્નદાનથી ચઢીયાતું વિદ્યાદાન છે. કારણકે અન્નથી ક્ષણિક તૃપ્તિ થાય છે, પરંતુ વિદ્યાથી જીવિત પર્યંત તૃપ્તિ મળે છે.

૧૭ સજ્જન પુરૂષ મરણાંત સમયે પણ નીતિને તજતા નથી.

૧૮ તમારે ઘેર આવનાર માણસને તમારે સામા ઉઠી આદરમાન આપવું જોઇએ, એટલુંજ નહિ પણ તે માણસ તમારા કરતાં મોટો હોય, અથવા તમારી પંક્તિનો હોય, તો પણ તે મળવા આવે ત્યારે તેને બેસાડી મૂકીને તમારે તમારા કામમાં ગુંથાઈ જવું એ તેને અપમાન આપવા બરાબર છે, માટે તેમ કરવું નહીં. જો તમારે કોઇ અનિવાર્ય કાર્ય અર્થે તેને મૂકીને દૂર જવું પડે તો તેને વાતચીત કરવાની બીજી સોબત કરી આપવી, અથવા તો કોઈ નીતિ યા ધાર્મિક પુસ્તક વાંચવા માટે તેના હાથમાં મૂકી તેની માફી માગીને જઇ આવવું.

૧૯ નમનતાઈનું નીચાણ કબુલ કરવાથી મોટાઇના ઉંચાણ ઉપર જવાય છે.

૨૦ તું ઉંઘનો ઘણો શોખીન ન થા કેમ જે રખે તું દરિદ્રાવસ્થામાં આવી પડે! આળસ ને દરિદ્રને બહુ નિકટ સંબંધ છે. જો તું તારી આંખો ઉઘાડશે અને ઉદ્યોગ કરશે તો તું સુખી થઈશ. તેમાં પણ ધર્મી માણસ જાગતો સારો ને પાપી ઉંઘતો સારો; કેમજે પાપી પુરૂષ તેની હિંસકવૃત્તિથી સંસાર વૃદ્ધિ પમાડે છે, ત્યારે ધર્મિષ્ઠ નરરત્ન નીતિપૂર્વક ગૃહસ્થાશ્રમ ચલાવવા પૂર્વક આત્મહિત કરીને મોક્ષમાર્ગ નજીક કરે છે.

૨૧ જો તારા ધનનું તારાથી સત્પાત્રો પ્રત્યે દાન ન થઇ શકે તો તારૂં પરલોકગમન સારૂં છે, કેમજે તારી જગ્યાએ બીજો આવી તેનો સદુપયોગ કરે.

૨૨. સભ્યતા અથવા વિનયનો અતિયોગ થાય તો ખુશામતખોરમાં ખપીએ, કારણકે બહુ પ્રશંસા કર્યા કરવી એ જંગલીપણાની રીત ગણાય છે.

૨૩ પોતાથી મોટા અથવા ઉપરી કે ગુણી પુરૂષને માન આપવું એ કાંઇ ખુશામત ગણાતી નથી, તેમાં પણ સદ્ગુણોવાળા અથવા ઉંચા પ્રકારની શક્તિવડે પ્રાપ્ત કરેલી ઉંચી પંક્તિના માણસો ખરેખરા માનને પાત્ર છે; તો તેવા પુરૂષને માન આપતાં કે તેનો વિનય કરતાં શરમાવું ઉચિત નથી.

૨૪ મ્હોટાઇનો ગર્વ કરવો નહીં, અને પોતાથી હલકા માણસ સાથે પણ અસભ્યતાથી વર્તવું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૫. જુવાની દિવાની જેવી છે, તેથી તે અવસ્થામાં જુવાન છોકરાઓ સભ્યતાની મર્યાદા મૂકી દેતા જણાય છે. નમ્રતા, વિવેક, ક્ષમા, સરળતા, સંતોષાદિ સદ્ગુણોથી તેઓ બહુધા હીન જોવામાં આવે છે. ઉદ્ધતપણું, અવિવેક, સાહસ, તોફાન, પાખંડ કે ફક્કડાઇ, હાસ્ય, સ્વચ્છંદીપણું એ સર્વ જુવાનીને અંગે જોડાએલા વિકારો અથવા વ્યસનો છે, તથાપિ કુળાચાર, સારો સહવાસ અને કેળવણીનો સંસ્કાર તેમનામાં સારી છાપ પાડી શકે છે, તેથી યુવક બંધુઓએ પોતાના મનોવિકારને હરઘડી દબાવી રાખવા, અને પાકટ તથા અનુભવી લોકોના વર્તનનું અનુકરણ કરતા રહેવું. આ કારણથીજ સત્સંગ દરેક પુરૂષને અવશ્ય આદરવા યોગ્ય છે.

૨૬ ब्रह्मचर्यं भवेन्मूलं, सर्वेषां व्रतधारिणाम् ॥
ब्रह्मचर्यस्य भंगे तु, व्रतं सर्वं निरर्थकम् ॥१॥

સર્વે વ્રતધારી મનુષ્યોને બ્રહ્મચર્ય એ મૂળ કારણ છે. જો બ્રહ્મચર્યનો ભંગ થાય તો સર્વે વ્રત વૃથા છે.

૨૭ शुचि भूमिगतं तोयं, शुचिः नारी पतिव्रता ॥
शुचिः क्षेमकरो राजा, ब्रह्मचारी सदा शुचिः ॥१॥

પૃથ્વીપર પડેલું પાણી પવિત્ર, પતિવ્રતા નારી પવિત્ર, પોતાની પ્રજાનું ક્ષેમ કરનાર રાજા પવિત્ર અને બ્રહ્મચારી સદા પવિત્ર છે.

૨૮ કેવળ બાહ્ય સ્નાન કરવાવાળા અંતર શુદ્ધિ વિના પવિત્ર કહેવાય નહિ, કેમકે તેમ જો હોય તો મત્સ્ય (માછલા) જે નિત્ય જળને વિષે રહે છે તે પણ પવિત્ર કહેવાય!

અંતર મેલ મીટયો નહિ મનકો, ઉપર તન કયા ધોયા રે?

૨૯ कामार्थीनानां न भयं न लज्जा। કામી પુરૂષોને ભય કે લજ્જા હોતી નથી.

૩૦ વિપત્તિ દ્વારા સંપત્તિ પ્રાપ્ત થાય છે. સંકટ શૂરવીરને સહાયકારી થઇ પડે છે.

૩૧ નિયમનો ભંગ કરવા કરતાં પૈસાનો ભોગ આપવો કે પ્રાણત્યાગ કરવો વધારે સારો છે. Sacrifice money or life rather than principle

૩૨ કહેવાય છે કે દુનિયામાં અક્કલ અંધારે વહેંચાણી છે, કેમકે દરેક માણસ પોતાને બીજાથી વધારે ડાહ્યો સમજે છે. પોતાને સમજ પડે નહિ અને બીજાની સારી સલાહને માન આપે નહિ એવા અક્કલના બારદાનો ઘણા હોય છે. કહ્યું છે કે 'અક્કલે કોઇ અધુરો નહીં ને પૈસે કોઇ પુરો નહીં.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૩ મૂર્ખની મૂર્ખાઇ આખા જગતને જાહેર છતાં પોતાથી અજાણી હોય છે, અને ડાહ્યાની મૂર્ખાઇ પોતાના જાણવામાં છતાં જગતને અજાણી હોય છે.

૩૪ કુલીનતાને કાંઈ શીંગડાની નિશાની હોતી નથી; સારી સમજણ, સારો સ્વભાવ અને ક્ષમા વિગેરે સદ્ગુણો એ કુલીનતાની નિશાનીઓ છે.

૩૫ સાધારણ માણસના અને ફક્કડના પોશાકમાં અંતર એટલોજ છે કે ફક્કડ પોતાની કિમ્મત પોતાના પોશાક ઉપરથી કરે છે, અને ડાહ્યો માણસ પોતાની યોગ્યતા પ્રમાણે પોશાક પહેરે છે.

૩૬ ધનવાન અથવા મોટો થવાને કોઈ માણસ બંધાયેલો નથી, પણ દરેક માણસ પ્રમાણિક થવાને તો અવશ્ય બંધાયેલોજ છે. Honesty is the best policy.

૩૭ કોઈપણ બાબત એટલી તો સંભવિત હોય કે તેને સાચી મનાવવા માટે તેને સાધારણ રીત પ્રમાણે કહી દેવી એટલુંજ બસ છે, તેમ છતાં મ્હોટી મ્હોટી પ્રતિજ્ઞાઓ કરીને કોઇ માણસ તેવી વાત કરતો હોય તો સમજવું કે તેમાં કાંઈ ભેદ છે, અને તે વાત મનાવવામાં તેનો કાંઇ સ્વાર્થ રહેલો છે.

૩૮ આપણામાં કાંઈ ચાતુર્ય હોય તો તે કોઇને પ્રસન્ન કરવામાં વાપરવું જોઇએ, પણ કોઇને ક્લેશ આપવામાં વાપરવું જોઇએ નહિ. સમશીતોષ્ણ કટિબંધના સૂર્યની પેઠે કોઈને કરમાવ્યા વગર આપણે પ્રકાશવું જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री हिरप्रश्नमांथी केटलाएक प्रश्नोत्तर.

( અનુસંધાન પૃષ્ટ ૨૮ થી )

પ્રશ્ન—પર્યૂષણામાં જ્યારે ચૌદશે કલ્પસૂત્ર વાંચવું શરૂ કરવામાં આવે અથવા અમાવાસ્યાદિની વૃદ્ધિ સતે અમવાસ્યાએ કે પ્રતિપદાએ (પડવે) કલ્પસૂત્ર વાંચવામાં આવે ત્યારે છઠ્ઠ તપ કયા દિવસોએ કરવો?

ઉત્તર—એવે પ્રસંગે ષષ્ટ તપ કરવાના સંબંધમાં દિવસનો નિર્ણય નથી, માટે યથારૂચિ કરવો. દિવસના આગ્રહનું કાંઇ કારણ નથી.

પ્રશ્ન—સમવસરણમાં બિરાજેલા તીર્થંકર ભગવંત ગૃહિવેષે દેખાય કે યતિવેષે દેખાય?

ઉત્તર—તીર્થંકરો ગૃહિવેષે પણ નહીં અને યતિવેષે પણ નહીં, પરંતુ લોકોત્તરરૂપે દેખાય; તેથી અમુક સદૃશ દેખાય એમ કહી શકાય તેવું નથી. **नयनाम अन्नलिंगे नो गिहिलिंगे कुलिंगे वा** ઇત્યાદિ વચનાત્.

પ્રશ્ન—ગણધર મહારાજ પ્રતિક્રમણ કરે ત્યારે સ્થાપના કરે કે નહીં? કરે તો તીર્થંકરનીજ કે બીજાની?

ઉત્તર—તીર્થંકરનું દેવગુરૂ બંનેપણું હોવાથી તેમની સમીપે પ્રતિક્રમણાદિ કરતાં સ્થાપનાનું પ્રયોજન નથી, અને તેમના પરોક્ષપણે કરે ત્યારે તો સ્થાપના કરવાનું આપણી જેમજ સંભવે છે.

પ્રશ્ન—ગુરૂપૂજા સંબંધી સુવર્ણાદિ દ્રવ્ય ગુરૂદ્રવ્ય કહીએ કે નહીં? પૂર્વે એવું પૂજાવિધાન હતું કે નહીં? અને તે દ્રવ્ય શા કામમાં ઉપયોગી થાય?

ઉત્તર—ગુરૂપૂજા સંબંધી સુવર્ણાદિ ગુરૂદ્રવ્ય ન કહેવાય. કારણકે તે તેમણે પોતાની નિશ્રાનું કર્યું નથી. પોતાની નિશ્રાનું કરેલું રજોહરણાદિ ગુરૂદ્રવ્ય કહીએ એમ જણાય છે. તથા હેમચંદ્રાચાર્યની કુમારપાળે સુવર્ણકમળવડે પૂજા કરી છે એવા અક્ષર કુમારપાળપ્રબંધમાં છે અને **धर्मलाभ इति प्रोक्ते, दूरादुच्छ्रित पाणये। सूरये सिद्धसेनाय, ददौ कोटिं नराधिपः॥** આ પ્રમાણેનો અધિકાર સિદ્ધસેન દિવાકર મહારાજના સંબંધમાં પણ છે, પરંતુ આ બધું અગ્રપૂજારૂપ દ્રવ્ય. તેજ વખતે શ્રી સંઘે જીર્ણોદ્ધારમાં વાપર્યાનું તેજ પ્રબંધાદિમાં લખેલું છે. આ સંબંધમાં ઘણી વક્તવ્યતા છે તેથી કેટલીક લખી શકાય.

પ્રશ્ન—કૃત્રિમ વસ્તુ કેટલો કાળ રહે? સંખ્યાત કે અસંખ્યાત?

ઉત્તર—કૃત્રિમના અનેક પ્રકાર છે. તેથી તે સંબંધમાં ભગવતીજીના આઠમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શતકના નવમા ઉદ્દેશાની સૂત્ર ને વૃત્તિ જોવી. આ વાત જો અષ્ટાપદાદિ ઉપરના ચૈત્યને આશ્રીને પૂછવામાં આવતી હોય અને તે સંબંધમાં શંકા થતી હોય તો તેને માટે વસુદેવહિંડીમાં અધિકાર છે તે જોઇ લેવો. ત્યાં આ અવસર્પિણીના અંત સુધી તે ચૈત્ય રહેશે એમ જણાવેલું છે. આ સંબંધમાં સિદ્ધાંતના અક્ષરો કાંઈ છે? એમ જો પૂછવામાં આવતું હોય તો જંબૂદ્વીપ પન્નત્તિ વિગેરેમાં સુષમાસુષમા આરા વિગેરેના વર્ણનમાં વાપી દીર્ધિકા કાંસ્યાદિ ધાતુ પ્રમુખ કૃત્રિમ પદાર્થનો સદ્ભાવ જોઇ લેવો.

પ્રશ્ન—વિમાનોના અંતરાળમાં ભૂમિ છે કે નહીં?

ઉત્તર—વિમાનોના અંતરાળમાં ભૂમિ નથી એમ જણાય છે. કારણકે ભગવતી સૂત્ર વિગેરેમાં નરક સંબંધી સાત અને આઠમી ઈષત્ પ્રાગ્ભારા–એમ આઠજ પૃથ્વી કહી છે. જો સ્વર્ગમાં પણ પૃથ્વી હોત તો વધારે કહી હોત.

પ્રશ્ન—બે, ત્રણ ને ત્રણ દેવલોકમાં ઘનોદધિ ઘનવાત અને તે બંને અનુક્રમે આધારપણે છે એમ આગમમાં કહ્યું છે પરંતુ, તેના વલયોના વિષ્કંભાદિનું પ્રમાણ કેટલું છે અને તે કયાં કહેલું છે?

ઉત્તર—પ્રથમના આઠ દેવલોકને તમારા કહેવા પ્રમાણે આધાર છે એમ આગમમાં કહેલું છે, પરંતુ તેનું પ્રમાણ કે વલયાદિ કોઇ જગ્યાએ વાંચવામાં આવ્યા સાંભરતા નથી.

પ્રશ્ન—સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ચોસઠ મણના પ્રમાણવાળું અને તેથી અર્ધ અર્ધ પ્રમાણવાળા મુકતાફળો છે એમ ઘણા કાળનો પ્રઘોષ છે તેને કેટલાક માનતા નથી, માટે આ પ્રઘોષ સત્ય છે કે અસત્ય છે?

ઉત્તર—ઉપર જણાવેલો પ્રઘોષ ઉત્કૃષ્ટ કુંભમાનને અનુસારે, વૃદ્ધવાદને અનુસારે, છૂટક પત્રમાં લખેલા અક્ષરોને અનુસારે તેમજ ભુવનભાનુ કેવળીના ચરિત્રને અનુસારે સત્ય જણાય છે. તત્ત્વ તો તત્ત્વવિત્ જાણે.

પ્રશ્ન—નવ નારદો કયારે કોની પાસે સમ્યકત્વ પામ્યા અને કેટલામે સ્વર્ગે અથવા મોક્ષે કોણ કોણ ગયા?

ઉત્તર—નારદની ગત્યાદિકને આશ્રીને કેટલાક સ્વર્ગે ગયા છે, કેટલાક મોક્ષે ગયા છે, પણ નવે નારદની બરાબર હકીકત કોઇ પણ જગ્યાએ જોવામાં આવી નથી.

પ્રશ્ન—જિનપ્રતિમાને ઉષ્ણ લાક્ષાદિના રસે કરીને ચક્ષુ વિગેરે ચોડતાં આશાતના થાય કે નહીં?

ઉત્તર—જે નિપુણ શ્રાવકો હોય છે તે રાળને તેલમાં મેળવી પછી તેને ખંડા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીને તેના રસવડે ચક્ષુ વિગેરે ચોડે છે; ઉષ્ણ લાખવડે ચોડતા નથી. કેમકે તેમ કરવામાં આશાતના દોષનો પ્રસંગ છે.

પ્રશ્ન—આશ્વિન ચૈત્ર માસની અસઝાઇમાં સાતમ આઠમ ને નોમ—એ ત્રણ દિવસ ઉપધાનમાં ગણાય કે નહીં ?

ઉત્તર—એ ત્રણ દિવસ ઉપધાન તપ વિશેષમાં લેખે ન આવે.

પ્રશ્ન—માળ પહેરવાની નંદી કયારે મંડાય ?

ઉત્તર—વિજયદશમી પછી માંડવી સુઝે એમ વૃદ્ધવાદ છે.

પ્રશ્ન—ભરતક્ષેત્રના ચક્રી પ્રથમ કયો ખંડ સાધે તેનો ક્રમ કહેશો ?

ઉત્તર—પ્રથમ મધ્ય ખંડ સાધીને પછી સેનાની પાસે સિંધુ દક્ષિણખંડ સધાવી ત્યારપછી તમિસ્રા ગુફામાં પ્રવેશ કરી વૈતાઢ્ય બહાર નીકળીને ઉત્તરનો મધ્યખંડ સાધે. પછી સેનાની પાસે સિંધુનો ઉત્તરખંડ ને ગંગાનો ઉત્તરખંડ સધાવે. પછી વૈતાઢ્ય સાધી તેની નીચેની ખંડપ્રપાતા ગુફાવડે નીકળી ગંગાનો દક્ષિણખંડ સેનાની પાસે સધાવીને રાજધાની તરફ જાય. આ પ્રમાણે ક્રમ સમજવો.

પ્રશ્ન—પાસથ્થાના દીક્ષા આપેલા સાધુથી ગણુ ચાલે છે એવું કયાં કહ્યું છે?

ઉત્તર—એવું તો કોઈ જગ્યાએ કહ્યું નથી. અહીં એમ સમજવાનું છે કે સંવિગ્ન આચાર્યાદિ, સંવિગ્ન ગીતાર્થાદિને અભાવે, સંવિગ્નના ભક્ત એવા પાર્શ્વસ્થાદિની પાસે જ્યારે પ્રાયશ્ચિત્ત લે ત્યારે પુનર્વ્રતારોપ રૂપ પ્રાયશ્ચિત્ત જો કોઈને આવે તેવું હોય તો તે પણ તેનીપાસે લેવું પડે. આ પ્રમાણે છેદ ગ્રંથના કથનાનુસાર સમાધાન જાણવું.

પ્રશ્ન—દેશ પાર્શ્વસ્થ વંદ્ય કયારે છે ?

ઉત્તર—ઉપરના પ્રશ્નના ઉત્તરમાં કહ્યા પ્રમાણે જ્યારે તેવાની પાસે પ્રાયશ્ચિત્ત લેવું પડે ત્યારે આચાર્યાદિ પણ પાર્શ્વસ્થાદિને દ્વાદશાવર્ત્ત વંદન કરે. તે શિવાયના બીજા કારણ પ્રસંગે સર્વ પાર્શ્વસ્થને પણ વૃદ્ધવંદનાદિ કરે, એમ આવશ્યક નિર્યુક્તિ વિગેરેમાં કહ્યું છે.

પ્રશ્ન—ઋષભદેવની સાથે તેમની સમાન આયુવાળા બાહુબળી કે જેનો જન્મ છ લાખ પૂર્વ પછી થયો છે તે નિર્વાણ પામ્યા, તે કેમ બને ? કારણકે ચરમ શરીરીના આયુષ્યનું અપવર્ત્તન થતું નથી. કદિ તમે તેને અછેરામાં ભેગું ગણી લેવાનું કહેશો પણ આશ્ચર્ય તો ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસો આઠ એક સમયે સિદ્ધિપદને પામ્યા તે છે, તેમાં એનો સમાવેશ થશે નહીં.

ઉત્તર—બાહુબળિના આયુષ્યનું અપવર્તન થયું તે અછેરાની અંતર્ગતજ સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મજવું. કારણકે હરિવંશ કુળની ઉત્પત્તિવાળા આશ્ચર્યમાં પણ યુગળિકના આયુષ્યનું અપવર્તન, યુગળિકનું નરકગમન એનો અંતર્ભાવ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન—શાસ્ત્રમાં સમ્યગ્દ્રષ્ટિને ઉત્કૃષ્ટ ન્યુનાર્ધ પુદ્ગળ પરાવર્ત્ત સંસાર કહ્યા છે અને ક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિને પણ ઉત્કૃષ્ટ તેટલોજ સંસાર કહ્યો છે તો તે બેને સંસારનું સરખાપણું કેમ ?

ઉત્તર—જોકે આપાત માત્રથી તો સંસારનું સરખાપણું કહ્યું છે, તથાપિ સમ્યગ્દ્રષ્ટિમાં કોઈ આશાતના વિશેષના કરવાવાળા વિરાધકનેજ એટલો સંસાર હોય છે, બીજાને એટલો બધો હોતો નથી; અને ક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિના સમુદાયમાંતો કોઇક લઘુકર્મીનેજ એકાવતારીપણાનો સંભવ હોય છે, માટે સરખાપણાની શંકા કરવા જેવું નથી એમ જણાય છે; બાકી તેનું તત્વ તો તત્ત્વવિત્ જાણે.

પ્રશ્ન—કોઇ જાણીને હિંસાદિ વડે કર્મ બાંધે છે અને કોઇ અજાણતા બાંધે છે, તે બંનેમાં કર્મબંધ દ્રઢ કોને થાય ?

ઉત્તર—બંનેને ક્રોધાદિપરિણામનું દ્રઢપણું હોય તો કર્મબંધ દ્રઢ થાય; ક્રોધાદિ પરિણામનું મંદપણું હોયતો કર્મબંધ મંદ થાય.

પ્રશ્ન—દક્ષિણ ભરતાર્ધમાં શ્રી ઋષભદેવ સર્વ વ્યવહારના બતાવનાર થયા તેમ ઉત્તર ભરતાર્ધમાં પણ કોઈ થયું હશે કે નહી તેનું નામ જણાવશો?

ઉત્તર—ઉત્તર ભરતાર્ધમાં જાતિસ્મરણવાળો કોઇ મનુષ્ય અથવા ક્ષેત્રાધિષ્ઠાયક દેવ નીતિપ્રણેતા થવા સંભવ છે. તેમજ કાળાનુભાવથી સ્વતઃ પણ કેટલીક નિપુણતા પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન—સૌધર્માદિ દેવલોકમાં પ્રત્યેક દેવની ઉપપાત શય્યા જુદી જુદી હોય છે કે એકજ શય્યામાં અનેક દેવો ઉપજે છે ?

ઉત્તર—મહર્દ્ધિક દેવોની ઉપપાત શય્યાતો જુદી હોય છે. અન્ય દેવોની અભિન્ન પણ સંભવે છે. તેને માટે તથાવિધ વ્યક્ત અક્ષર જોવામાં આવ્યા નથી.

પ્રશ્ન—દેશાવકાશિકવ્રતમાં રાખેલા ક્ષેત્રના પ્રમાણ ઉપરાંત કાંઈ કાર્ય પડ્યે પત્ર મોકલવાથી વ્રતની મલિનતા થાય કે નહીં?

ઉત્તર—નિયમિત ક્ષેત્રની બહાર પત્ર મોકલવાથી વ્રતમાલિન્ય થાય એમ જણાય છે. યોગશાસ્ત્રની વૃત્તિ વિગેરેમાં તેવો લેખ છે.

પ્રશ્ન—જે આઠ આત્મ પ્રદેશ મધ્યસ્થજ રહે છે તે પણ શું કર્મવર્ગણાથી લેપાય છે કે તેથી રહિતજ રહે છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—એ આઠ પ્રદેશ કર્મથી અનાવૃત્ત રહે છે. શ્રી જ્ઞાનદીપિકામાં કહ્યું છે કે,

स्पृश्यते कर्मणा तेऽपि, प्रदेशा आत्मनो यदि ।
तदा जीवो जगत्यस्मिन्नजीवत्वमवाप्नुयात् ॥

" તે ( આઠ ) આત્માના પ્રદેશો પણ જો કર્મવડે સ્પર્શાય તો આ જગતમાં જીવ પણ અજીવપણાને પામી જાય. "

પ્રશ્ન—મેઘકુમારના પૂર્વભવમાં હસ્તિપણામાં તેનું જે નામ કહેવામાં આવે છે તે નામ કોણે દીધેલું હશે ?

ઉત્તર—તે પર્વતના નિતંબાદિમાં વસનારા વનચરોએ તે નામ આપેલું. એમ શ્રી જ્ઞાતાધર્મકથાંગસૂત્રમાં કહ્યું છે.

પ્રશ્ન—ચૌદ ગુણસ્થાનકે ચડતો પ્રાણી શું ક્રમસર બધા ગુણસ્થાન ચડે કે કાંઈ એકાદિનું અંતર પાડીને ચૌદમાં ગુણઠાણાને ફરસે ?

ઉત્તર—અનાદિ મિથ્યાદૃષ્ટિ પ્રથમ ચોથે ગુણઠાણે જાય. બીજે ત્રીજે ન જાય. ત્યાર પછી જો ઉપશમ શ્રેણિ માંડે તો ક્રમસર ચોથાથી અગ્યારમા સુધી જાય, અને ક્ષપક શ્રેણિ માંડે તો અગ્યારમાને તજીને ક્રમસર ચોથાથી ચૌદમા સુધી જાય. આ સંબંધમાં વધારે જાણવાની ઇચ્છાવાળાએ તેના વિશેષ અવબોધવાળા શાસ્ત્રો જોવાં.

પ્રશ્ન—ઉપાંગો શું ગણધરવિરચિત છે કે અન્યવિરચિત છે ? અને તેનું નિર્માણ અંગપ્રણયનકાળેજ થયું છે કે ત્યારપછી થયું છે ?

ઉત્તર—ઉપાંગો સ્થવિર મહારાજા રચે છે. તે તિર્થંકર વિદ્યમાન સતે તેમજ ત્યાર પછી પણ રચાય છે. અંગપ્રણયનકાળેજ તેના નિર્માણનું એકાંત નથી. આ પ્રમાણે નંદિસૂત્રની વૃત્તિમાં વ્યક્ત રીતે કહ્યું છે. તેથી વિશેષ ત્યાંથી જાણી લેવું.

પ્રશ્ન—લોકાંતિક દેવતાઓ એકાવતારી કે અષ્ટાવતારી ?

ઉત્તર—અષ્ટાવતારી જાણવામાં છે.

પ્રશ્ન—સંગમ દેવતાને સૌધર્મેન્દ્રે દેવલોકમાંથી કાઢી મુકયો તે ભવધારણીય શરીરવડે મેરૂ પર્વતની ચૂલાપર ગયો કે ઉત્તર વૈક્રિય શરીરવડે ગયો ?

ઉત્તર—મૂળ શરીરવડે ગયો જણાય છે. કારણકે ઉત્તર વૈક્રિય શરીર એટલો કાળ અવસ્થિત રહેતું નથી. અને મૂળ શરીર વિમાનથી બહાર નીકળતું નથી એવું જે વચન છે તે પ્રાયિક જાણવું.

પ્રશ્ન—કર્યું છે સર્વ વિકૃતિ (વિગય) નું પ્રત્યાખ્યાન જેણે એવા શ્રાવકને નિર્વિકૃતિ (નીવી) ના પ્રત્યાખ્યાનમાં એકાસણાની જેમ બ્યાસણ કરવું પણ કલ્પે કે નહીં ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર--કલ્પે, એમ જાણવું.

પ્રશ્ન--પરમાધાર્મિક દેવતાઓ ભવ્યજ હોય છે એવો પ્રઘોષ સત્ય છે કે અસત્ય?

ઉત્તર--સત્યજ છે. કેમકે બંને પ્રકારે તેમાં અવિરોધીપણું છે. જો અભવ્ય હોય તો તે પરમાધાર્મિકો જન્માંતરમાં કરેલાં દુઃકૃતો કહેવા પૂર્વક નારકીના જીવોને કદર્થના કરે છે તે વાત ઘટે નહીં. વળી તે પરમાધામીઓ સ્વર્ગની ઇચ્છાથીજ તપસ્યા કરે છે એમ આગમમાં સાંભળીએ છીએ તે વાત પણ ઘટે નહીં.

પ્રશ્ન--શ્રીવીર પરમાત્મા પૂર્વભવમાં ચક્રીપણું પામ્યા છે તે પુણ્ય કયા ભવમાં ઉપાર્જન કર્યું હતું?

ઉત્તર—એ સંબંધી નિર્ણય કોઇ ગ્રંથમાં જોવામાં આવેલ નથી.

# તાળધ્વજ તીર્થના વૃત્તાંત સંબંધી ખુલાસો.

આ નાના પણ રમણિક તીર્થ સંબંધી હકીકત ગયા અંકમાં આપવામાં આવી છે તે સંબંધમાં કેટલોક ખુલાસો આ નીચે આપવાની જરૂર છે.

૧ સાચાદેવવાળા ચૈત્યના કરાવનાર શેઠ શેઠાણીની મૂર્તિ નીચે લેખ છે, તેમાં સંવત ૧૪૩૭ છે, પણ ભૂલથી ૧૯૩૭ છપાયેલ છે.

૨ તળાજામાં યાત્રાળુ માટે ધર્મશાળા છે તે **બાબુસાહેબ ધનપતિસિહજીની** બંધાવેલી છે. તે ભૂલથી બાબુસાહેબ બુધસિંહજીની છે એમ છપાયેલ છે.

૩ સાખડાસર પાસેના ખેતરમાંથી નીકળેલી શ્રી પાર્શ્વનાથજીની અપૂર્વ શ્યામ મૂર્ત્તિની ઉંચાઇ ઇંચ ૨૧ ની લખેલી છે તે ઇંચ ૨૯ ની છે.

૪ આ તીર્થની વર્ષગાંઠનો દિવસ લખવો રહી ગયો છે તે વૈશાખ શુદિ ૧૩નો છે.

૫ આ તીર્થ સંબંધી વિશેષ વૃત્તાંત કેટલાએક મુનિરાજોએ ત્યાં પ્રગટ કરેલું છે. તેનું સ્થળ જાણવામાં આવશે એટલે અમે પણ પ્રગટ કરશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पोतानी ओलखाण.

## ( બે મિત્રોનો સંવાદ. )

**સુજ્ઞ**—હે મિત્ર! તું કોણ છે? તું તને પોતાને ઓળખે છે ?

**અજ્ઞ**—પ્રિય બંધુ! આવો સવાલ કેમ પુછે છે! હું કોણ છું તે તો હું જાણું છું તેમ તું પણ જાણે છે, તોપણ કહું છું કે હું વીશાશ્રીમાળી જૈન વણિક છું. મારૂં નામ..................છે ને હું ભાવનગરમાં રહું છું.

**સુજ્ઞ**—ભાઇ! એ પ્રકારે તું કોણ છે એમ હું પુછતો નથી. કારણકે તે કાંઇ મારા જાણવા બહાર નથી. હું પુછું છું તેની મતલબ તો એ છે કે શાસ્ત્રીય રીતે તું કોણ છે એમ જાણે છે ?

**અજ્ઞ**—હા, હું મનુષ્ય છું એમ જાણું છું.

**સુજ્ઞ**—કેવો મનુષ્ય છે?

**અજ્ઞ**—તે જાણુતો નથી, મનુષ્યના કેટલા પ્રકાર છે તે કહો તો કહું.

**સુજ્ઞ**—મનુષ્ય બે પ્રકારના છે. સંમૂર્છિમ અને ગર્ભજ, અથવા સંની અને અસંની. સંની તે મનવાળા અને અસંની તે મનવિનાના. સંમૂર્છિમ જીવો અસંની હોય છે. તેના ઉત્પત્તિ ચૌદસ્થાનકોમાં થાય છે. તે આ પ્રમાણે—૧ વિષ્ટામાં, ૨ મૂત્રમાં, ૩ શ્લેષ્મમાં, ૪ કફમાં, ૫ વમનમાં, ૬ પિત્તમાં, ૭ રૂધિરમાં, ૮ વીર્યમાં, ૯ મૃતકમાં, ૧૦ રસીમાં, ૧૧ સ્ત્રીપુરૂષના સંયોગમાં, ૧૨ શુક્ર પુદ્ગળના સ્રાવમાં, ૧૩ નગરની ખાળમાં તથા ૧૪ સઘળા અપવિત્ર સ્થળોમાં સંમૂર્છિમ મનુષ્ય પંચેંદ્રી અસંખ્યાતા ઉપજે છે. આમાં વિષ્ટા મૂત્રાદિ મનુષ્ય સંબંધી સમજવા. તેમજ નગરખાળ અને અપવિત્ર સ્થળોમાં પણ મનુષ્ય સંબંધી અશુચિનું મિશ્રણ હોવાથી તેમાં તેની ઉત્પત્તિ થાય છે એમ સમજવું.

ગર્ભજ મનુષ્યો સ્ત્રીના ગર્ભમાં સ્ત્રીપુરૂષના સંયોગવડે ઉત્પન્ન થાય છે.

**અજ્ઞ**—ત્યારે હું ગર્ભજ મનુષ્ય છું, સંમૂર્છિમ નથી.

**સુજ્ઞ**—ગર્ભજ મનુષ્યોના પણ ૨૦૨ ભેદ છે, તેમાંથી તું કયા ભેદમાં છે ?

**અજ્ઞ**—તે ભેદ સમજાવો તો પછી કહું.

**સુજ્ઞ**—ગર્ભજ મનુષ્યો સંખ્યાતા હોય છે, તેના ૧૦૧ ભેદ ક્ષેત્ર આશ્રયીને થાય છે, આ ચૌદ રાજલોકપ્રમાણ લોકનાળિકામાં મધ્યના તિર્છા લોકમાં અસંખ્યાતા દ્વીપસમુદ્રો છે. તેની મધ્યમાં મનુષ્યલોક અઢીદ્વીપ પ્રમાણ છે, તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંદરજ મનુષ્યોની ઉત્પત્તિ છે. તેની બહાર મનુષ્યોનાં જન્મ, મરણ, ગર્ભધારણાદિ થતાં નથી. એ અઢીદ્વીપમાં મધ્યમાં **જંબૂ** નામે દ્વીપ થાળીને આકારે છે. તેની ફરતો **લવણસમુદ્ર** બલોયાને આકારે છે. તેની ફરતો **ધાતકીખંડ** તેવેજ આકારે છે. તેની ફરતો **કાળોદધિ સમુદ્ર** તે આકૃતિએ છે. તેની ફરતો **પુષ્કરવરદ્વીપ** છે. તેના બરાબર મધ્યભાગમાં વર્તુલાકારે **માનુષ્યોત્તર** નામનો પર્વત આવેલો છે. તેની અંદરના ભાગમાંજ મનુષ્યોત્પત્તિ છે. બહારના ભાગમાં નથી. તેથી જંબૂદ્વીપ, ધાતકીખંડ ને પુષ્કરાર્ધ મળી અઢીદ્વીપમાં મનુષ્યોત્પત્તિ છે. તે અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપ મળી ૧૦૧ ક્ષેત્રો છે. તેમાં ઉત્પન્ન થનારા ગર્ભજ મનુષ્યોમાં જે પર્યાપ્તિ પુરી કરે છે તે પર્યાપ્તા કહેવાય છે અને જે પર્યાપ્તિ પુરી કર્યા અગાઉ મરણ પામે છે તે અપર્યાપ્તા કહેવાય છે. તેથી ૧૦૧ ભેદ પર્યાપ્તા ને ૧૦૧ ભેદ અપર્યાપ્તા મળી ૨૦૨ ભેદ ગર્ભજ મનુષ્યના થાય છે. સંમૂર્છીમ મનુષ્ય અપર્યાપ્ત અવસ્થામાંજ મૃત્યુ પામતા હોવાથી તેના બે ભેદ નથી, એકજ ભેદ છે. એટલે સંમૂર્છીમ અપર્યાપ્તા મનુષ્યના ઉપર પ્રમાણેના ક્ષેત્ર આશ્રયી ૧૦૧ ભેદ ભેળવતાં મનુષ્યના એકંદર ૩૦૩ ભેદ થાય છે.

**અજ્ઞ**—તમે કહેલા ૧૦૧ ક્ષેત્રો કયા કયા દ્વીપમાં કેટલા કેટલા છે એ કહો. તેમજ પર્યાપ્તિ કેટલી છે તે સમજાવો, જેથી હું બરાબર ઉત્તર આપી શકું.

**સુજ્ઞ**—૫ ભરત, ૫ ઐરવત ને ૫ મહાવિદેહ એ ૧૫ કર્મભૂમિ છે. જેની અંદર અસી મસી ને કૃષિ અર્થાત્ શસ્ત્રપ્રયોગ, વ્યાપાર અને ખેતી વિગેરે કર્મ (ક્રિયા) પ્રવર્તે છે તે કર્મભૂમિ કહેવાય છે. ૫ હેમવંત, ૫ ઐરણ્યવંત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક, ૫ દેવકુરૂ ને ૫ ઉત્તરકુરૂ. આ ૩૦ અકર્મભૂમિ છે. અકર્મભૂમિ એટલે જેની અંદર વ્યાપાર ખેતી વિગેરે કર્મ કરવાના નથી. માત્ર સુખજ ભોગવવાનું હોય છે. તેને ભોગભૂમિ પણ કહે છે. તેની અંદર યુગલિક મનુષ્યોજ ઉત્પન્ન થાય છે. જંબૂદ્વીપની અંદર આવેલા હેમવંત ને શિખરી પર્વતની પૂર્વ ને પશ્ચિમ તરફ બે બે દાઢા લવણસમુદ્રમાં નીકળેલી છે. એટલે એકંદર આઠ દાઢા છે. તે દરેક દાઢા ઉપર સાત સાત દ્વીપો છે તે અંતર્દ્વીપો કહેવાય છે. એકંદર ૫૬ અંતર્દ્વીપો છે. તેની અંદર પણ યુગલિક મનુષ્યોજ ઉત્પન્ન થાય છે. ઉપર બતાવેલ ૧૫ કર્મભૂમિ અને ૩૦ અકર્મભૂમિ મળી કુલ ૪૫ ક્ષેત્રો પૈકી દરેક જાતિનું એકેક ક્ષેત્ર જંબૂદ્વીપમાં હોવાથી ૯ ક્ષેત્ર જંબૂદ્વીપમાં, દરેક જાતિના બબે ક્ષેત્ર ધાતકીખંડમાં હોવાથી ૧૮ ક્ષેત્ર ધાતકીખંડમાં અને તેજ પ્રમાણે બબે ક્ષેત્ર પુષ્કરાર્ધમાં હોવાથી ૧૮ ક્ષેત્ર પુષ્કરાર્ધમાં—કુલ મળીને ૪૫ ક્ષેત્રો છે. તેમાં પણ દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્ર મહાવિદેહ ક્ષેત્રની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યમાં આવેલા મેરૂ પર્વતની દક્ષિણે અને ઉત્તરે હોવાથી મહાવિદેહ ક્ષેત્રમાં પણ ગણી શકાય તેમ છે.

**અજ્ઞ**—તમારા આટલા કહેવાથી હું સમજી શકયો કે હું જંબૂદ્વીપની અંદર આવેલી ભરતક્ષેત્ર નામની કર્મભૂમિમાંહેનો ગર્ભજ મનુષ્ય છું. હવે પર્યાપ્તા ને અપર્યાપ્તાનું સ્વરૂપ સમજાવો.

**સુજ્ઞ**—તમે બીજું જાણ્યું તેતો ઠીક, પણ તમે ભરતક્ષેત્રના મનુષ્ય છો, અને તે પણ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના છો તે કેમ જાણ્યું?

**અજ્ઞ**—ઘણી વખત મેં સાંભળ્યું છે કે આપણે જંબૂદ્વીપમાં છીએ. વળી આપણે રહીએ છીએ તે ક્ષેત્રને પણ ભારતવર્ષ, ભરતખંડ એવા નામથી ઓળખાતું સાંભળ્યું છે. તેથી મેં એ પ્રમાણે કહ્યું છે.

**સુજ્ઞ**—જંબૂદ્વીપની અંદર દક્ષિણ બાજુએ તેની ફરતા જગતિના કોટને લગતું **ભરતક્ષેત્ર** છે, ત્યાર પછી **હેમવંત** નામે પર્વત છે, ત્યાર પછી **હેમવંત** નામે યુગલિયાનું ક્ષેત્ર ( અકર્મભૂમિ ) છે, ત્યાર પછી **મહાહેમવંત** પર્વત છે, ત્યાર પછી **હરિવર્ષ** નામે યુગલિયાનું ક્ષેત્ર (અકર્મભૂમિ) છે, ત્યાર પછી **નિષધ** નામે પર્વત છે, ત્યાર પછી **મહાવિદેહ** નામે ક્ષેત્ર છે. તેજ પ્રમાણે ઉત્તર તરફ જગતિના કોટને લગતું **ઐરવત** નામે ક્ષેત્ર છે, ત્યારપછી **શિખરી** પર્વત, ત્યારપછી **ઐરણ્યવંત** નામે યુગલિયાનું ક્ષેત્ર, ત્યારપછી **રૂપી** પર્વત, ત્યાર પછી **રમ્યક** નામે યુગલિયાનું ક્ષેત્ર, ત્યાર પછી **નીલવંત** પર્વત અને ત્યાર પછી ઉપર બતાવેલું જંબૂદ્વીપના મધ્યમાં આવેલું મહાવિદેહ નામે ક્ષેત્ર છે, તે પૂર્વ પશ્ચિમ લવણ સમુદ્ર સુધી જગતિના કોટ પર્યંત લાંબું છે. તેની અંદર **દેવકુરૂ** ને **ઉત્તરકુરૂ** નામના યુગલિયાના ક્ષેત્રો છે. ધાતકીખંડમાં ઉપર જણાવેલા નામવાળાજ બે બે ક્ષેત્રો છે, કારણકે તે વર્તુલાકારે હોવાથી તેનો ઘેરાવો બહુ વિશેષ છે. તેની અંદર બે મહાવિદેહ છે. તેમાં બે મેરૂ છે, અને બંને મહાવિદેહની બે બાજુએ ઉપર પ્રમાણેના ક્ષેત્રો અને પર્વતો છે. પુષ્કરાર્ધમાં પણ તેજ પ્રમાણે છે. તે અનુમાન અને શ્રવણાધારે કહેલી હકીકત બરાબર છે.

**અજ્ઞ**—હવે પર્યાપ્તા અપર્યાપ્તાનું સ્વરૂપ સમજાવો.

**સુજ્ઞ**—પર્યાપ્તિઓ છ છે. ૧ આહાર પર્યાપ્તિ, ૨ શરીર પર્યાપ્તિ, ૩ ઇંદ્રિય પર્યાપ્તિ, ૪ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ૫ ભાષાપર્યાપ્તિ ને ૬ મનપર્યાપ્તિ. તેમાં એકેંદ્રિયને પ્રથમની ૪ પર્યાપ્તિ હોય છે. વિકળેંદ્રી (બેઇંદ્રિય, તેઇંદ્રિય ને ચૌરંદ્રિય) તથા અસન્ની પંચેંદ્રીને ૫ પર્યાપ્તિ હોય છે, અને સન્નીપંચેંદ્રીને ૬ પર્યાપ્તિ હોય છે. જે જીવ સ્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય પર્યાપ્તિ પુરી કરે છે તે પર્યાપ્તા કહેવાય છે, અને જે જીવ સ્વયોગ પર્યાપ્તિ પુરી કર્યા અગાઉ મરણ પામે છે તે અપર્યાપ્તા કહેવાય છે.

જીવ કોઇ પણ સ્થાને ઉત્પન્ન થતાંજ પ્રથમ સમયે આહાર લે છે.ત્યાર પછી શરીર બાંધે છે, ત્યારપછી ઇંદ્રિયો બાંધે છે, પછી શ્વાસોશ્વાસ વર્ગણાને ગ્રહણ કરી શ્વાસોશ્વાસ લે છે, પછી ભાષાવર્ગણાને ગ્રહણ કરી બોલવાની શક્તિ મેળવે છે, અને છેવટે મનોવર્ગણાને ગ્રહણ કરી મનનશક્તિ મેળવે છે. આ બધી પર્યાપ્તિઓ પુરી કરતાં અંતર્મુહૂર્તજ થાય છે. પરંતુ જે જીવ તે કરતાં પણ ઓછા આયુષ્યવાળો ઉત્પન્ન થયો હોય તે તેથી નાના અંતર્મુહૂર્તનું આયુષ્ય ભોગવી સ્વયોગ્ય પર્યાપ્તિ પુરી કર્યા વિના મૃત્યુ પામે છે, તે અપર્યાપ્ત કહેવાય છે.

**અજ્ઞ**—ત્યારે હું એટલું સમજી શકયો કે હું જંબૂદ્રીપના ભરતક્ષેત્રનો ગર્ભજ પર્યાપ્તો મનુષ્ય છું.

**સુજ્ઞ**—તેં મનુષ્યના ૩૦૩ ભેદ પૈકી એક ભેદ તો બરાબર જાણ્યો, પરંતુ હજુ એ સંબંધમાં તારે બીજું ઘણું જાણવાનું છે.

**અજ્ઞ**—હે ભાઇ! ત્યારે તે પણ સમજાવો. જો ન સમજાવો તો તમારૂં ભણેલું મારે શું કામ આવ્યું ? માટે એટલી કૃપા કરો.

**સુજ્ઞ**—સાંભળ! ગર્ભજ પર્યાપ્તા મનુષ્યને દશ પ્રાણ હોય છે. ૫ ઇંદ્રિયો, ૩ બળ ( મનબળ, વચનબળ ને કાયબળ), ૧ શ્વાસોશ્વાસ ને ૧ આયુષ્ય. આ દશ પ્રાણ પૈકી એકેંદ્રીને ૪, વિકલેંદ્રીને ૬–૭–૮, અસન્નીપંચેંદ્રીને ૯ ને સન્નીપંચેંદ્રીને દશ હોય છે.

મનુષ્યપંચેંદ્રી મરણ પામીને સર્વ જાતિના જીવોમાં ઉત્પન્ન થાય છે અને તેઉકાય વાઉકાય શિવાય બાકીના બધા જીવો મનુષ્ય થઇ શકે છે.

ગર્ભજમનુષ્યપર્યાપ્તાને પાંચે જ્ઞાન અને ત્રણે અજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે, પરંતુ આ પાંચમા આરામાં તો પ્રથમના ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનોનોજ સંભવ છે.

કાળના મુખ્ય બે વિભાગ કહેલા છે. ઉત્સર્પિણી ને અવસર્પિણી. તે બંનેના છ છ વિભાગ ( છ આરા ) હોય છે. અવસર્પિણી એ ક્રમે ક્રમે પડતો કાળ છે, અને ઉત્સર્પિણી એ ક્રમે ક્રમે ચડતો કાળ છે. પાંચ ભરત ને પાંચ ઐરવતમાં તો અવસર્પિણી ને ઉત્સર્પિણી એક પછી એક આવ્યાજ કરે છે. તે બંને મળીને એક **કાળચક્ર** કહેવાય છે. હાલમાં પાંચ ભરત ને પાંચ ઐરવત દશે ક્ષેત્રોમાં અવસર્પિણી કાળ પ્રવર્ત્તે છે. તેનો પણ પાંચમો આરો વર્ત્તે છે.

પહેલા આરામાં યુગલિક મનુષ્યોજ હોય છે, તેમનું આયુષ્ય ત્રણ પલ્યોપમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નું હોય છે; બીજા આરામાં પણ યુગલિક મનુષ્યો હોય છે, તેમનું આયુષ્ય બે પ-લ્યોપમનું હોય છે, ત્રીજા આરામાં પણ યુગલિક મનુષ્યો હોય છે, તેમનું આયુષ્ય એક પલ્યોપમનું હોય છે. અવસર્પિણી કાળમાં ત્રીજા આરાને છેડે પ્રથમ અરિહંત-નો જન્મ થાય છે, અને ત્રીજા આરાના ત્રણ વર્ષ ને સાડાઆઠ માસ રહે ત્યારે તે નિર્વાણ પામે છે. ચોથા આરામાં બાકીના ત્રેવીશ તિર્થંકરો થાય છે. તેના ત્રણ વર્ષ ને સાડાઆઠ માસ બાકી રહે ત્યારે ચોવીશમા તીર્થંકર નિર્વાણ પામેછે.ચોથા આરાના પ્રારંભમાં ક્રોડપૂર્વનું આયુષ્ય હોય છે અને પ્રાંતે ૧૨૦ વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે. પાંચમા આરાના પ્રારંભમાં ૧૨૦ વર્ષનું આયુષ્ય ને પ્રાંતે ૨૦ વર્ષનું આયુષ્ય હોયછે. છઠ્ઠો આરો ૨૧૦૦૦ વર્ષનો હોય છે, તેમાં મનુષ્યો બહુ અલ્પ સંખ્યામાં હોય છે, અને તે ગંગા સિંધુના કિનારા પરના બીલમાં રહે છે. એ આરો પુરો થયા બાદ ઉત્સર્પિણી કાળ શરૂ થાય છે, તેમાં બધી હકીકત ઉપર લખેલા ક્રમથી ઉલટી હોય છે.

ઉપર પ્રમાણે છ આરા અને ઉત્સર્પિણી અવસર્પિણી વિગેરે કાળનો ફેરફાર ભરત ઐરવતમાંજ હોય છે, બીજા ક્ષેત્રોમાં અવસ્થિત કાળ છે, તે આ પ્રમાણે—દેવ-કુરૂ ઉત્તરકુરૂમાં સદા પહેલો આરો વર્તે છે. હરિવર્ષ ને રમ્યકમાં સદા બીજો આરો વર્તેછે, હેમવંત ને ઐરણ્યવંતમાં સદા ત્રીજો આરો વર્તે છે, અને મહાવિદેહમાં સદા ચોથો આરો વર્તે છે, ત્યાં કેવળજ્ઞાનીનો વિરહ કોઈ કાળે હોતો નથી. તીર્થંકરો પ-ણ અવારનવાર ઉત્પન્ન થયા કરે છે, તે વિહરમાન તીર્થંકર કહેવાય છે. હાલ વર્ત માન કાળમાં પણ પાંચ મહાવિદેહમાંથઇને ૨૦ તીર્થંકરો કેવળજ્ઞાન પામેલા વિચરે છે.

ગર્ભજ મનુષ્યોને છએ સંસ્થાન અને છએ સંઘયણ હોય છે. તેમાં અસંખ્યા-ત આયુષ્યવાળાનું સંસ્થાન સમચતુરસ્રજ હોય છે. સંઘયણ વજ્રઋષભનારા-ચ એકજ હોયછે. આ પાંચમા આરામાં છેલ્લું (છેવડું) સંઘયણજ હોયછે. મનુષ્યોની જીવાયોની ૧૪ લાખ અને કુળ કોડી બાર લાખ છે, પરંતુ તેમાં સંમૂર્છિમગર્ભજ પર્યાપ્તા અને અપર્યાપ્તા સર્વનો સમાવેશ થાય છે.

મનુષ્યોને ચારે સંજ્ઞા ને ચારે કષાય હોય છે, છએ લેશ્યા હોય છે. અસં-ખ્યાત આયુષ્યવાળાને ચાર છેલ્લી લેશ્યાજ હોય છે, પહેલી બે હોતી નથી.

મનુષ્યોમાં ચૌદે ગુણસ્થાન હોયછે. પરંતુ આ પાંચમા આરામાંસાતમા ગુણ-સ્થાનથી આગળના ગુણસ્થાન હોતા નથી. કારણકે તે ગુણસ્થાનો શ્રેણિગત જીવોને હોય છે,અને શ્રેણિ તો બંને (ઉપશમ ને ક્ષપક)આ કાળમાં હોતી નથી. જંબૂસ્વામી-ના નિર્વાણ પછી શ્રેણિ વિચ્છેદ પામેલી છે.

મનુષ્યમાં યોનિ (ઉત્પત્તિસ્થાન ) સંવૃતવિવૃત, સચિત્તાચિત્ત અને શીતોષ્ણ હોય છે. બીજા પણ તેના ત્રણ પ્રકાર છે.

For Private And Personal Use Only

ગર્ભસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ બાર વર્ષની હોય છે. સ્ત્રીપુરૂષના સંયોગથી ઉત્પન્ન થતા નવ લાખ પર્યંત ગર્ભજ જીવો પૈકી જો સ્થિતિ કરે છે તો એક બે ત્રણ સ્થિતિ કરે છે, બાકીના સર્વે અંતર્મુહૂર્ત્ત આયુષ્ય ભોગવી મૃત્યુ પામે છે,તેને આશ્રયીને જઘન્ય સ્થિતિ સમજવી,અને પિત્તના દોષથી, પાપના ઉદયથી અથવા કાર્મણાદિના વશથી કોઇ જીવ સિદ્ધરાજ જયસિંહની જેમ ગર્ભમાં બાર વર્ષ સુધી રહે છે, તેને આશ્રયીને ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. બાકી સામાન્ય ગર્ભસ્થિતિ તો સર્વ કાળમાં નવ માસ લગભગનીજ જાણવી. ગર્ભની કાયસ્થિતિ ૨૪ વર્ષની હોય છે, એટલે કોઇ મહાપાપી જીવ પ્રથમ બાર વર્ષ ગર્ભમાં રહી ચવી જઇ ફરીને તેમાંજ ઉત્પન્ન થાય છે, અને પાછો બાર વર્ષ રહીને જન્મે છે, તેને આશ્રયીને ૨૪ વર્ષ સમજવા.

ગર્ભજ મનુષ્યમાં સંખ્યાતા આયુષ્યવાળાને પાંચે શરીર હોય છે, કાયમ તો દરેક મનુષ્યને ઔદારિક, તૈજસ ને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. બાકી સંખ્યાતા આયુષ્યવાળા લબ્ધિપ્રાપ્ત હોય છે, તે વૈક્રિયને આહારક શરીર કાર્યવશાત્ કરે છે. આ પાંચમા આરામાં તો તે બંને શરીરનો સદ્ભાવ નથી.

ગર્ભજ મનુષ્યમાં સંખ્યાતા આયુષ્યવાળાને સાતે સમુદ્ઘાત હોય છે, અસંખ્યાતા આયુષ્યવાળા યુગલિકને પહેલા ત્રણ સમુદ્ઘાત હોય છે. આ કાળમાં અહીં તો સંખ્યાતા આયુષ્યવાળાને પણ ત્રણ સમુદ્ઘાતજ હોય છે.

અસંખ્યાતા આયુષ્યવાળા મનુષ્યો પોતાની સમાન અથવા પોતાથી ઓછા આયુષ્યવાળા દેવતામાંજ ઉત્પન્ન થાય છે. વધારે આયુવાળામાં ઉત્પન્ન થતા નથી. તેથી અંતર્દ્વીપના યુગલિકો ભવનપતિ ને વ્યંતરમાં ઉપજે છે. હેમવંત ને ઐરણ્યવંતના યુગલિકો પહેલા દેવલોક સુધી ઉપજે છે, અને હરિવર્ષ રમ્યક્ તથા દેવકુરૂ ઉત્તરકુરૂના યુગલિકો બીજા દેવલોક સુધી ઉપજે છે. સંખ્યાતા આયુષ્યવાળા મનુષ્યો સર્વત્ર ઉપજતા હોવાથી અનુત્તર વિમાન સુધીના દેવપણે ઉપજી શકે છે અને તેજ ભવમાં મોક્ષે પણ જાય છે. આ કાળમાં તો બીજા દેવલોક ઉપરાંત ગતિ સંભવતી નથી.

ગર્ભજ મનુષ્યો જઘન્યપદે પણ ઓગણત્રીશ આંક પ્રમાણ હોય છે તે આ પ્રમાણે —૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૩૩૬. ઉત્કૃષ્ટા ગર્ભજ ને સંમૂર્છિમ મળીને અસંખ્ય કાળચક્રના સમય પ્રમાણ મનુષ્યો હોય છે.

ગર્ભજ મનુષ્યોમાં પુરૂષો સૌથી થોડા હોય છે તેથી સંખ્યાત ગુણી સ્ત્રીઓ હોય છે અને સમૂર્છિમને મેળવતાં તે કરતાં અસંખ્યાત ગુણા નપુંસક હોય છે. ગર્ભજમાં નપુંસકની સંખ્યા અલ્પ હોય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દક્ષિણ ને ઉત્તર દિશામાં મનુષ્યો ઓછા છે. અંદર અંદર સરખા હોય છે. પૂર્વમાં તે કરતાં સંખ્યાતગુણા હોય છે અને પશ્ચિમમાં પૂર્વ કરતાં અધિક હોય છે. દક્ષિણ ઉત્તર ભરતઐરવત ક્ષેત્ર છે તે બહુ નાના છે, અને પૂર્વ પશ્ચિમે મહાવિદેહ ક્ષેત્ર ઘણું વિશાળ છે તેથી તે તરફ મનુષ્યસંખ્યા વધારે હોય છે અને પશ્ચિમ બાજુએ જંબૂદ્વીપના મહાવિદેહમાં નીચે નમતો નમતો ભૂમિભાગ એક હજાર યોજન નીચે ગયેલો હોવાથી ત્યાં મનુષ્ય વિશેષ છે તેથી પૂર્વ કરતાં પશ્ચિમે વિશેષ સંખ્યા કહેલી છે.

મનુષ્ય મરણ પામીને મનુષ્ય પણ થઈ શકે છે પણ અલ્પકષાયી ભદ્રક પરિણામી હોય તોજ પાછો મનુષ્ય થાય છે. તેવી રીતે ઉત્કૃષ્ટ સાત આઠ ભવ મનુષ્યના થઇ શકે છે. સંખ્યાતા વર્ષમાં સાત ભવ થાય છે અને અસંખ્યાતા વર્ષમાં આઠ ભવ થાય છે. અર્થાત્ આઠમો ભવ જો મનુષ્યપણે થાય તો તે યુગલિકજ થાય છે. સમકિતદૃષ્ટિ મનુષ્ય જો સમકિત પામ્યા અગાઉ આયુષ્ય બાંધ્યું ન હોય તો વૈમાનિક દેવતાજ થાય છે અથવા મોક્ષે જાય છે. સમકિતદૃષ્ટિપણામાં તિર્યંચ નરક કે મનુષ્યગતિનું તેમજ દેવતામાં પણ ભવનપતિ, વ્યંતર કે જ્યોતિષી દેવનું આયુષ્ય બંધાતું નથી.

જીવ સાત કર્મ તો આખા ભવમાં સમયે સમયે બાંધ્યા કરે છે, અને આયુકર્મ આખાભવમાં માત્ર એક વખત એક અંતર્મુહૂર્ત માંજ બાંધે છે; તે પણ પોતાના આયુષ્યના પાછલા ત્રીજા ભાગમાં બાંધે છે. પ્રથમના બે ભાગમાં આગામી ભવનું આયુષ્ય બાંધતો નથી.

**અજ્ઞ—હે બંધુ ! જો એમ છે તો સદ્ગતિનું આયુષ્ય કેમ બંધાય તે સમજાવો.**

**સુજ્ઞ**--આ બધી વાત કહીને પ્રાંતે મારે એ હકીકતજ સમજાવવાની છે. કારણકે સામાન્ય જીવના સંબંધમાં અને ખાસ કરીને મનુષ્યના સંબંધમાં હજી ઘણી હકીકત જાણવા લાયક લોકપ્રકાશ, પ્રજ્ઞાપના વિગેરેમાં બતાવેલી છે. તે સઘળી કહેતાં કે લખતાં પાર આવે તેમ નથી.

શુભગતિનું આયુષ્ય બાંધવાનાં કારણ કર્મગ્રંથાદિકમાં અનેક બતાવ્યાં છે. ટુંકામાં કર્મબંધના કારણભૂત વિષય કષાયથી ઓસરવું, પાંચે આશ્રવોનો ત્યાગ કરવો, દેવ ગુરૂ ધર્મના આરાધનમાં તત્પર રહેવું, જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નત્રયને પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો, દાન શીળ તપ ભાવ રૂપ ચાર પ્રકારના ધર્મનું આરાધન કરવું, નિરંતર અનિત્યાદિ બાર ભાવના અને મૈત્રી, પ્રમોદ, કરૂણા ને માધ્યસ્થરૂપ ચાર ભાવના ભાવવી, ભવનો ભય રાખવો, પાપથી ડરતા રહેવું, સંસારની આસક્તિ ઘટાડવી, તીર્થયાત્રાદિ ધર્મકાર્યોમાં સાવધાન થવું, ઉત્તમ સાધ્યદૃષ્ટિ જાગૃત રાખવી, સામા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યિક પોસહાદિ કરણીમાં ઉજમાળ થવું, યથાશક્તિ તપ કરવો, આત્મવીર્ય શુભ કાર્યમાં ફોરવવું, નવો નવો જ્ઞાનાભ્યાસ કરવો, આત્મદશા નિર્મળ થાય છે કે મલિન થાય છે તેની અહર્નિશ સંભાળ રાખવી. ઇત્યાદિ કારણોથી શુભ ગતિનો બંધ થાય છે. આ સંબંધમાં હજુ ઘણું કહેવાનું છે તે બીજે પ્રસંગે મળશું ત્યારે કહીશ.

અજ્ઞ—હે બંધુ! આપનો બહુજ ઉપકાર થયો. આપે કહેલી હકીકતનું હું નિરંતર ચિંતવન કર્યા કરીશ અને બને તેટલું અનુકરણ કરવા પ્રયાસ કરીશ.

( ત્યારબાદ બંને મિત્રો છુટા પડ્યા. )

# वणोद दरबारे भरेलुं अनुकरणीय पगलुं.

( નકલ )

તા. વ. હુ. ઓ. જા. નં. ૩૭૬

રોજકામ.

વણોદ તા. ૨૨ માહે માર્ચ–૧૯૦૯

આજરોજ અમારા તાલુકાની લગામ અમને સોંપતાં તાલુકાના મહાજન તરફથી અમને માનપત્ર રજુ થયું તે સાથે તેમની વખતો વખતની માગણી મુજબ તાલુકામાં ખાટકીની દુકાન હોવાથી પોતે હિન્દુ હોઇ તેમની લાગણી દુખાય છે, તેથી જેમ પ્રથમ આ દુકાન હતીજ નહીં તેવી રીતે આવી દુકાન બંધ કરવા અરજ કરે છે. સબબ ઠરાવ કરવામાં આવે છે કે–"આ તાલુકામાં ખાટકીની દુકાન રાખવી નહીં,તેમ કોઇએ તેવું ખાટકીનું કામ કરવું નહીં."

ખબર તથા અમલ થવા એક નકલ આજમ ફોજદાર તરફ મોકલવી અને બીજી નકલ મહાજનને તેમના માનપત્રના જવાબમાં આપવી. તા–સદર.

( સહી ) H. R. Malak.

વણોદ દરબારશ્રી

તા. વ. રે. ઓ. નં. ૩૨૮૪

ખરી નકલ ખબર થવા વણોદમહાજન તરફ રવાના તા. સદર

( સહી ); H. R. Malak

વણોદ દરબારશ્રી

આ નકલ અમારા તરફ આવવાથી પ્રગટ કરવામાં આવી છે.

તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# साधर्मी वात्सल्य.

जिनैः समानधर्माणः, साधर्मिका उदाहृताः ।
द्विधापि तेषां वात्सल्यं, कार्यं तदिति सप्तमः ॥ १ ॥

समानधार्मिकान् वीक्ष्य, वात्सल्यं स्नेहनिर्भरम् ।
मात्रादिस्वजनादिभ्योऽप्यधिकं क्रियते मुदा ॥ २ ॥

**ભાવાર્થ**—"શ્રી જિનેશ્વરે સમાન ધર્મવાળાને સાધર્મિક કહેલા છે, તે સાધર્મિકનું દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારે વાત્સલ્ય કરવું તે **વાત્સલ્ય** નામનો સાતમો દર્શનાચાર કહેવાય છે. ૧. સમાન ધર્મવાળાને જોઇને માતાપિતા વિગેરે સ્વજનો કરતાં પણ અધિક ગાઢ સ્નેહ પૂર્વક હર્ષથી તેમનું વાત્સલ્ય કરવું." ૨.

આ બે શ્લોકનું તાત્પર્ય એવું છે કે સમાન ધર્મવાળા તે સાધર્મિક કહેવાય છે. તેમાં પ્રવચન અને લિંગ એ બન્નેવડે સાધુ સાધ્વી તથા કેવળ પ્રવચનવડે શ્રાવક શ્રાવિકા સાધર્મિક કહેવાય છે, તેમાં સાધુ સાધ્વીએ આચાર્ય, ગ્લાન, પ્રાઘુર્ણિક (પ્રાહુણામુનિ), તપસ્વી, બાલ, વૃદ્ધ, નવદીક્ષિત શિષ્ય વિગેરેનું વિશેષે કરીને વાત્સલ્ય કરવું, તેમજ પુષ્ટાલંબનાદિ અપેક્ષાએ શ્રાવક શ્રાવિકાનું પણ સર્વ શકિત વડે દ્રવ્ય ભાવ બંને પ્રકારનું વાત્સલ્ય તેનો ઉપકારાદિ કરવા વડે કરવું અને શ્રાવકે, શ્રાવક શ્રાવિકાનું કુમારપાળ રાજાની જેમ યથાયોગ્ય વાત્સલ્ય કરવું.

## કુમારપાળ રાજાનું દૃષ્ટાંત.

**શ્રી પાટણમાં** પરમશ્રાદ્ધ શ્રી કુમારપાળ રાજા જ્યારે સ્નાત્રપૂજા તથા પૌષધ વિગેરે ધર્મકાર્ય કરતા હતા, ત્યારે એક હજાર ને આઠસો શ્રેષ્ઠીઓ તેની સહાયમાં રહેતા હતા. તેઓને રાજાએ સુખી કરેલા હતા. શ્રાવક પાસેથી દર વરસે આવતો બોતેર લાખ રૂપીઆનો કર માફ કરેલો હતો; તેમજ નબળી સ્થિતિમાં આવી પડેલો કોઇ પણ સાધર્મિક રાજાને ઘેર જતો તો તેને રાજા એક હજાર દીનાર આપતા હતા. એ પ્રમાણે કરવામાં કુલ મળીને એક વર્ષે એક કરોડ રૂપીઆનો વ્યય થતો હતો. તેવી રીતે ચૌદ વર્ષમાં ચૌદ કરોડ દ્રવ્યનો વ્યય કર્યો. એકદા કોઈ મહેશ્વરી ( મેસરી ) વાણીયાએ દાણચોરી કરી, તે દાણલેનાર અધિકારીના જાણવામાં આવ્યું; તેથી તે વણિકને દોરડાથી બાંધીને માર મારતા રાજાની પાસે લઇ ગયા; તે વણિકને બીજો કોઈ જીવિતનો ઉપાય નહીં સૂઝવાથી અવસર જાણીને તેણે શ્રાવકો જિનેશ્વરની પૂજાસમયે ઉદર, ઉરસ્થળ, કંઠ અને કપાળ એ ચાર સ્થાને જેવાં તિલકો કરે છે તેવાં કેસરમિશ્રિત ચંદનના ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિલકો રાજા પાસે જતી વખત કરી લીધાં. પછી રાજસેવકોએ રાજા પ્રત્યે કહ્યું કે "હે પૃથ્વીપતિ ! આ વણિકે આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને દાણચોરી કરીછે, તેને શો દંડ કરવો ? " તે સાંભળીને રાજાએ ભયથી કંપતા એવા તે વણિકની સામું જોયું, તો તેના કપાળમાં તિલક જોઈને રાજાએ વિચાર્યું કે " ખરેખર આતો શ્રી વીતરાગની ભક્તિ કરનારો શ્રાદ્ધ જણાય છે, અને શ્રાદ્ધનો કર લેવાનું તો મારે પ્રત્યાખ્યાન છે, માટે આ નિરપરાધી છે. " એમ વિચારીને રાજાએ તેને બંધનથી મુક્ત કરાવ્યો. તે જોઈને રાજસેવકો બોલ્યા કે " હે સ્વામી ! આ શ્રાવક નથી, આ તો અભક્ષાદિકનું ભક્ષણ કરનાર મહેશ્વરી ધર્મમાં આસક્ત છે, પણ આજે કપટથી ઉત્તરાસંગ તથા કપાળમાં તિલક વિગેરે કરીને ખોટો શ્રાવકનો વેષ ધારીને અહીં આવેલો છે. " રાજાએ કહ્યું કે " એ વણિક તર્જના કરવા યોગ્ય નથી, તે ધન્ય અને કૃતપુણ્ય છે. નહીં તો તેના ભાળમાં તિલક જોઇને મારા મનમાં ' આ શ્રી જિનેશ્વરનો ભક્ત છે ' એમ કેમ આવત ? માટે મેં તેને મુકત કર્યો છે. સુખેથી તેને પોતાને ઘેર જવા દ્યો. " પછી તે મહેશ્વરી વાણીઓ પણ શ્રાવકના વેષની પ્રશંસા કરતો જૈનરાજાને નમીને પોતાને ઘેર ગયો. આ હકીકત ઉપર કહ્યું છે કેઃ—

साधर्मिकस्वरूपं यत्, व्यलीकमपि नृभृता ।
सन्मानितं सभायां तत्, तर्हि सत्यस्य का कथा ॥ १ ॥

**ભાવાર્થ**—" અસત્ય એવા સાધર્મિકના સ્વરૂપને પણ રાજાએ સભામાં માન આપ્યું, તો સાધર્મિકના સત્ય સ્વરૂપને માન આપે તેમાં તો શું કહેવું ? "

આ દૃષ્ટાંત સાંભળીને સર્વ શક્તિથી અવશ્ય સાધર્મિકનું વાત્સલ્ય કરવું.

પૂર્વે **ઉદાયી** રાજાએ પણ **ચંડપ્રદ્યોત** રાજાને તેના કપાળમાં "આ દાસીનો પતિ છે" એવા અક્ષરો લખીને કારાગૃહમાં નાંખ્યો હતો; પરંતુ પછી સેવકના મુખથી તેને સાધર્મિક જાણીને તરતજ તેનું બહુમાન કર્યું હતું. તેથી સાધર્મિકનું સ્વજનથી પણ અધિક સન્માન કરવું. કહ્યું છે કેઃ—

सुहिसयणमाइआणं, उवयरणं भवपबंधवुड्ढिकरं ।
जिनधम्मपवन्नाणं, तंचिय भवभंगमुवणेइ ॥ १ ॥

**ભાવાર્થ**—"મિત્રસ્વજનાદિકનું બહુમાનાદિ કરવાથી ભવપરંપરા વૃદ્ધિ પામે છે, અને જિનધર્મમાં પ્રવર્તતા સાધર્મિકનું સેવન કરવાથી તે ભવપરંપરાનો નાશ થાય છે. "

અહીં સાધુએ સાધર્મિકનું વાત્સલ્ય કરવાના સંબંધમાં **શ્રીવજ્રસ્વામીનું** દૃષ્ટાંત એવું છે કે—મહાઉગ્ર દુષ્કાળને લીધે સર્વ દેશના માર્ગો જ્યારે બંધ પડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા હતા ત્યારે શ્રી વજ્રસ્વામી પટવિદ્યાએ કરીને સકળ સંઘને સુકાળવાળી **સુભિક્ષા પુરીમાં** લઈ ગયા હતા. તેવીજ રીતે **વિષ્ણુકુમાર** વિગેરેનાં દૃષ્ટાંતો પણ વાંચનારે અન્ય સ્થળથી જાણી લેવાં.

કોઈ પતિવ્રતા શ્રાવિકા પણ પોતાના પતિનું લોકોત્તર વાત્સલ્ય કરી શકે છે, તેનું દૃષ્ટાંત નીચે પ્રમાણે—

## પતિવ્રતાસ્ત્રીએ કરેલું પતિવાત્સલ્ય.

**પૃથ્વીપુર** નામના નગરમાં એક **સુભદ્ર** નામે બાર વ્રતધારી શ્રાવક રહેતો હતો. તે એકદા વેપારને માટે **રાજપુર** નગરે ગયો. તે નગરમા એક **જિનદાસ** નામે શ્રાવક રહેતો હતો. તેણે પોતાની કન્યાને સાધર્મિક વિના બીજા કોઇને નહીં આપવાનો નિયમ ગ્રહણ કરેલો હતો. અન્યદા તે સુભદ્રને ભોજન, શયન, આસન, [1]જલ્પન, [2]ચંક્રમણ, વાર્તાલાપ વિગેરે ચેષ્ટાઓવડે સાધર્મિક જાણીને તેણે પોતાની પુત્રી મોટા ઉત્સવથી તેને પરણાવી. તે સુશિક્ષા પુત્રી ઘરનું કામકાજ કરવા ઉપરાંત પ્રભુના માર્ગને જાણનારી, તેમજ નિર્મળ અંતઃકરણવાળી હોવાથી નિરંતર પતિની ભક્તિ પણ કરતી હતી. એકદા તેના પતિ સુભદ્રે અતિ સ્વરૂપવતી અને ઉદ્‌ભટ શૃંગાર ધારણ કરેલી પોતાની સ્ત્રીની સખીને જોઈ. તેને જોવાથી સુભદ્રને તેણીનાપર ગાઢ રાગ ઉત્પન્ન થયો; પરંતુ લજ્જાદિકથી કાંઈ પણ બોલી શકયો નહીં. તેને મેળવવાની ચિન્તાથી તેને પ્રતિદિન દુર્બળ થતો જોઇને તેની પત્નીએ તેને આગ્રહપૂર્વક દુર્બળ થવાનું કારણ પૂછયું, એટલે મહાકષ્ટે સુભદ્રે તે કારણ જણાવ્યું. તે સ્ત્રી અતિ ચતુર હોવાથી તેણે તેને પ્રતિબોધ કરવાનો બીજો કોઇ ઉપાય નહીં જાણીને કહ્યું કે "હે સ્વામી ! આવા અલ્પ કાર્યને માટે તમે આટલો બધો ખેદ કેમ પામ્યા ? મને પ્રથમથીજ કેમ કહ્યું નહીં ? કેમકે તે મારી સખી મારે આધીનજ છે, તેને હું જલદી લાવી આપીશ." પછી અન્ય દિવસે તેણે પોતાના પતિને કહ્યું કે "તે મારી સખીએ તમારી ઈચ્છા પૂર્ણ કરવાનું હર્ષથી અંગીકાર કર્યું છે, તેથી તે આજ સાંજે અહીં આવશે; પરંતુ તે અતિ લજ્જાયુક્ત હોવાથી શયનગૃહમાં પ્રવેશ કરશે કે તરતજ દીવો બુઝાવી નાંખશે." સુભદ્ર બોલ્યો કે "ભલે તેમ કરે, તેમાં શી હરકત છે ?" પછી તે સુભદ્રની સ્ત્રીએ વિચાર્યું કે "ખરેખર વિષયરૂપી મહાપ્રેતના આવેશવાળો જીવ દીનપણું ધારણ કરવું, બગાસાં ખાવાં, નિશ્વાસ મૂકવો તથા પરસ્ત્રી સંબંધી વિચારમાંજ તલ્લિન થવું વિગેરે શું શું ચાપલ્ય કરતો નથી ? અર્થાત્ સર્વ ચાપલ્ય કરે છે. અહો ! અનંત સુખને આપનાર એવા

૧ બોલવું. ૨ ચાલવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્રતની પણ ઉપેક્ષા કરે છે. જ્યારે આવો સુજ્ઞ અને સુશીલ માણસ પણ વિષયમાં પરાધીન થઇ ગયો, તો બીજાની શી વાત ? માટે વિષયદશાને અને અન્યની આશાને ધિક્કાર છે! પરંતુ આ મારો સ્વામી ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવાથી નરકાદિક દુઃખનું ભાજન થશે, માટે હુંજ મારી સખીનું રૂપ ધારણ કરીને તેનું વાંછિત પૂર્ણ કરૂં; જો કે તેમ કરવાથી ભાવથી તો તેના વ્રતનો ભંગ થશે, પણ દ્રવ્યથી ભંગ નહીં થાય, તો એક પક્ષનું પાલન કરવાથી પણ કોઈ વખત લજ્જાવાન પુરૂષને ગુણકારી થઇ શકે છે." આ પ્રમાણે ભવિષ્યમાં વિવિધ પ્રકારના લાભ થવાનો વિચાર કરીને તેણે પોતાની સખી પાસે કાંઇ મિષ કરીને પોતાના પતિએ જોયેલાં તેનાં ઉત્તમ વસ્ત્રો તથા અલંકારો માગી લીધાં. પછી ગુટિકાના પ્રયોગથી સખીના જેવોજ સ્વર તથા સ્વરૂપાદિ કરીને તેજ પ્રમાણે વસ્ત્ર તથા આભૂષણો ધારણ કરી તે સખીની જેવાજ સુંદર વિલાસ ( હાવભાવ વિગેરે ) કરતી તે સુભદ્રનીજ પત્નીએ ( પોતેજ ) ઉત્તમ સુગંધી પુષ્પ, તાંબૂલ, ચંદન, અગરૂ, કર્પૂર, કસ્તુરી વિગેરે સમગ્ર ભોગની સામગ્રીવડે તથા નિર્મળ દીપકવડે અલંકૃત કરેલા સુંદર શયનગૃહમાં હર્ષથી પ્રવેશ કર્યો. તે વખતે ગંગા નદીના પુલિનની સ્પર્ધા કરનારા પલંગપર ઉત્કંઠાથી વિકસ્વર દૃષ્ટિ ધારણ કરીને બેઠેલા સુભદ્રે નેત્ર અને મનની જાણે અમૃતમય દૃષ્ટિને ધારણ કરતી હોય તેવી તેને જોઇ. તરતજ તેણે દીપકને બુઝવી દીધો. પછી તે પલ્યંક ઉપર ગઇ, અને વિવિધ પ્રકારની ગોષ્ઠી કરવા પૂર્વક આનંદથી તે સુભદ્રે તેની સાથે ક્રીડા કરી. પ્રાતઃકાળે તેના ગયા પછી સુભદ્રને વિચાર થયો કે—

सयलसुरासुरपणमिय- चलणेहिं जिणेहिं जं हियं जणियं ।
तं परजवसंबलयं, अहह मए हारियं सीलं ॥ १ ॥

ભાવથ —" સકળ સુર અને અસુરોએ જેના ચરણકમળને પ્રણામ કર્યો છે એવા જિનેશ્વરોએ જે હિતકારી કહ્યું છે તે પરભવમાં પાથેય સમાન શીલ મેં આજે ગુમાવ્યું."

मनस्यन्यद्वचस्यन्यत्. क्रियायामन्यदेव च ।
यस्यास्तामपि लोलाक्षीं, साध्वीं वेत्ति ममत्ववान् ॥ १ ॥

ભાવર્થ—"જે સ્ત્રીના મનમાં કાંઇક હોય છે, વચનમાં કાંઇક હોયછે, અને ક્રિયામાં તો પણ કાંઈ બીજુંજ હોય છે, એવી ચપળ નેત્રવાળી સ્ત્રીને મમતાવાળો પુરૂષ શ્રેષ્ઠ માને છે."

चर्माच्छादितमांसास्थि, विण्मूत्रपिठरीष्वपि ।
वनितासु प्रियत्वं यत्, तन्ममत्वविजृंभितम् ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—" જેનાં માંસ તથા અસ્થિ ચર્મથી આચ્છાદન કરેલાં છે એવી વિષ્ટા અને મૂત્રની હાંડી સમાન સ્ત્રીઓમાં જે પ્રિયત્વ છે તે માત્ર મમતાથી ઉત્પન્ન થયેલું છે."

गणयन्ति जनुः समर्थवत्, सुरतोल्लाससुखेन भोगिनः ।
मदनाहिविषोग्रमूर्छनामयतुल्यं तु तदेव योगिनः ॥ ३ ॥

ભાવાર્થ—" કામી પુરૂષો ભોગવિલાસના જે સુખથી પોતાનો જન્મ સફળ માને છે તેજ સુખને યોગી પુરૂષો કામદેવરૂપી સર્પના વિષથી થયેલી ઉગ્ર મૂર્છારૂપ મહા વ્યાધિ સમાન માને છે."

દરેક પદાર્થમાં પ્રિય અને અપ્રિયપણું સ્વમનોકલ્પિતજ હોય છે. ખરેખરી રીતે તો કોઇ પણ વસ્તુ ઇષ્ટ કે અનિષ્ટ છેજ નહીં, કેમકે સમગ્ર વિકલ્પનો ઉપરમ થવાથી મતિનો ભેદ રહેતોજ નથી. કહ્યું છે કે—

समतापरिपाके स्याद्विषयग्रहशून्यता ।
यया विशदयोगानां, वासीचन्दनतुल्यता ॥ १ ॥

ભાવાર્થ—" સમતા ગુણ પરિપક્વ થાય, ત્યારે વિષયગ્રહ શૂન્ય થઈ જાય છે (વિષયેચ્છા નાશ પામે છે), અને તેથી નિર્મળ યોગવાળા તે આત્માને વાસી (ફરસી) અને ચંદનમાં તુલ્યતા થઇ જાય છે, અર્થાત્ તે બન્નેમાં ભેદ જણાતો નથી."

આ પ્રમાણે સંવેગના વશથી ઉત્પન્ન થયેલા પશ્ચાત્તાપરૂપી અગ્નિથી તેનું અંતઃકરણ બળવા લાગ્યું, અને હમેશાં પોતાની પત્નીને જોતાંજ તે પોતાનું મુખ નીચું કરવા લાગ્યો. તે જોઇને તેની ભાર્યાએ વિચાર્યું કે " આ મારા પતિ હજુસુધી લજ્જા છોડતા નથી, તેથી તે જલદીથી ધર્મ પામશે. સર્વથા નિર્લજ અને વાચાળ માણસ ધર્મને અયોગ્ય હોય છે, પણ આ મારા સ્વામી તેવા નથી." પછી તે સ્ત્રી હમેશાં સામાયિકને વખતે તથા પઠનપાઠનને વખતે સર્વ સ્થાને વ્રતભંગ કરવાનું ફળ વારંવાર કહેવા લાગી. " વ્રત ગ્રહણ કરવું સહેલું છે, પણ તેનું પાલન કરવું દુષ્કર છે. તેના ચાર[1] ભાંગા થાય છે." ઇત્યાદિ વચનો સાંભળીને સુભદ્ર પોતાની સ્ત્રીના સ્વભાવની સ્તુતિ કરવા લાગ્યો, પણ તેના મનમાં વ્રતભંગનું દુઃખ શલ્યની જેમ નિરંતર ખટકતું હતું, તેથી તે પ્રતિદિન અધિક અધિક

૧ વ્રત ગ્રહણ કરવું સહેલું ને પાળવું દુષ્કર, ગ્રહણ કરવું મુસ્કેલ પણ પાળવું સુકર, ગ્રહણ કરવું પણ સહેલું અને પાળવું પણ સહેલું, અને ગ્રહણ કરવું પણ મુસ્કેલ ને પાળવું પણ મુસ્કેલ. આ પ્રમાણે ચોભંગી થાય છે, તેમાં ત્રીજો ભાંગો શ્રેષ્ઠ છે, ચોથો કનિષ્ટ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્બળ થવા લાગ્યો. તે જોઇને તેની પત્નીએ આગ્રહથી દુર્બળ થવાનું કારણ પૂછ્યું, ત્યારે તે નિશ્વાસ નાંખીને ખેદપૂર્વક બોલ્યો કે "હે પ્રિયા! જે મોક્ષસુખના હેતુભૂત વ્રત મેં ચિરકાળથી પાલન કર્યું હતું તે વ્રતનો ક્ષણિક સ્થિતિવાળા મનકલ્પિત સુખને માટે ભંગ કરીને મૂર્ખ પણ ન કરે તેવું અકાર્ય મેં કર્યું છે, તેની ચિંતાથી હું દુર્બળ થાઉં છું. હવે મને ભ્રષ્ટ થયેલાને એનું પ્રાયશ્ચિત્ત કોણ આપશે? મારી ભાવનાનો વૃત્તાંત તો કુંભારને ઘેર જઇને મિથ્યા દુષ્કૃત આપનાર ક્ષુલ્લક મુનિના જેવો થયો છે. જીવોને હણીને પછી 'મેં મોટું દુષ્કૃત કર્યું, મેં મોટું દુષ્કૃત કર્યું,' એમ કહેવું ને ધ્યાન વૈરાગ્ય ધારણ કરવા તે વ્યર્થ અને વંધ્ય છે." આ પ્રમાણે શુભ પરિણામથી બોલતા તેને અંતઃકરણથી શુદ્ધ જાણીને તથા "સ્ત્રીની સન્મુખ માત્ર દાક્ષિણ્યતા સાચવવા માટે આ બહારનો દેખાવ નથી" એવી સંપૂર્ણ પરીક્ષા કરીને તેમજ "સંવેગને વશ થયેલું તેનું ચિત્ત હવે ઇન્દ્રની અપ્સરાઓથી પરાભવ પામે તેવું નથી" એવો નિશ્ચય કરીને તેણે નિશાની સહિત સર્વ હેવાલ સત્ય રીતે કહી આપ્યો. તેથી વિશ્વાસ પામીને તે સુભદ્ર શાંત થઇ વિચારવા લાગ્યો કે "લોકોત્તર ધર્મમાં કુશળ એવી આ મારી ભાર્યાને ધન્ય છે! જેણે 'મારો સ્વામી પરસ્ત્રીના સંગથી નરકરૂપી સાગરમાં ન પડો' એમ ધારીને મને તેમાંથી ઉગાર્યો. મને અન્તઃકરણથી મારી ચિંતા ધરાવનારી સુશીલ સ્ત્રી મળી છે, તેની સ્થિરતા અને ગાંભીર્ય વાણીના વિષયની બહાર છે, અર્થાત્ વાણીથી કહી શકાય તેવું નથી." ઇત્યાદિ સ્ત્રીની પ્રશંસા કરીને તેનીજ આજ્ઞાથી ગુરૂ પાસે જઇ પરસ્ત્રીગમનનું સર્વથા પ્રત્યાખ્યાન કરીને કરેલા પાપની આલોચના કરી. પછી અનુક્રમે પોતાના પુત્રને ઘરનો કાર્યભાર સોંપીને ચારિત્રતપાદિવડે તે સ્ત્રીપુરૂષ અલ્પ કાળેજ ઇચ્છિત કાર્ય સાધી મોક્ષસુખને પામ્યા.

## ભાવનગરમાં મહોત્સવ.

અક્ષય તૃતીયાને દિવસે પૂર્ણ થનાર વર્ષી તપના ઉદ્યાપન નિમિત્તે શ્રાવિકા સમુદાય તરફથી અઠ્ઠાઇ મહોત્સવ ચૈત્ર વદિ ૧૧ થી શરૂ થનાર છે. તે નિમિત્તે શ્રી શત્રુંજય મહા તીર્થની ઘણી સુશોભીત રચના કરવામાં આવી છે, દર્શન કરવા યોગ્ય રચના બની છે. વૈશાક શુદિ ૨ જે જળયાત્રાનો વરઘોડો ચડાવવાનો છે, મહોત્સવ સારો થવા સંભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી સાતમી જૈન ( શ્વેતામ્બર ) કોન્ફરન્સ સંબંધી કામકાજની પુના ખાતે ચાલી રહેલી ધમધોકાર તૈયારીઓ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની છઠ્ઠી બેઠક ભાવનગર થઇ ત્યાર બાદ સાતમી બેઠક પુના ખાતે કરવાને પુનાના શ્રી સંઘ તરફથી આમંત્રણ કરવામાં આવ્યું હતું. પ્લેગને લીધે તેમજ બીજાં કેટલાંક અંદર અંદરનાં કારણોને લઇને તેનું કામ મુલતવી રહ્યું હતું; પણ ત્યાંના આગેવાન ગૃહસ્થોના સુપ્રયાસને લઇને કોન્ફરન્સની સાતમી બેઠકના કામની શુભ શરૂઆત થઇ ચુકી છે તેને માટે તે ગૃહસ્થોને ધન્યવાદ ઘટે છે. તા. ૧૮-૨-૦૯ ગુરૂવારની રાત્રે પુનાના શ્રી સંઘના દેરાસરમાં સકળ સંઘની એક સભા એકત્ર થઇ હતી. તેમાં લગભગ દોઢસો ગૃહસ્થોની રીસેપ્શન કમીટી નીમવામાં આવી હતી, અને નીચે પ્રમાણે બીજી નીમણુકો જાહેર કરવામાં આવી હતી.

## રીસેપ્શન કમીટી.

---

### પ્રમુખ.

શેઠ શીવદાનજી પ્રેમાજી ગોટીવાળા.

### ઉપપ્રમુખ.

મી. માનચંદ નગાજી. મી. વીરચંદ કિશાજી.

મી. શીવરામભાઈ કસ્તુરચંદ. મી. કીસનદાસ પ્રેમચંદ.

### ચીફ સેક્રેટરી.

મી. છગનલાલ ગણપતદાસ. મી. ભીખુભાઇ મુળચંદ.

જોઇન્ટ સેક્રેટરી—મી. હીરાલાલ ધનજીભાઇ.

જનરલ સુપરવાઈઝર—મી. મોતીચંદ ભગવાનદાસ.

ત્યારબાદ ખર્ચને પહોંચી વળવાને માટે એક ટીપ થઈ તેમાં લગભગ દશ હજાર ઉપરાંત રૂપીઆ ભરાઇ ગયા છે ને વધારે ભરાવા ચાલુ છે.

તા. ૯-૪-૦૯ના રોજ રીસેપ્શન કમીટીની એક સભા રાત્રે આઠ વાગે શેઠ શીવદાનજી પ્રેમાજીના પ્રમુખપણા નીચે મળી હતી. સભામાં લગભગ પચાસ ગૃહસ્થોની હાજરી હતી. પ્રથમથી ગામમાંના અને ખડકી વગેરેના વધુ મેમ્બરો લેવાનો તથા દક્ષિણ પ્રાંતના જુદા જુદા મુખ્ય શહેરોમાંથી મોણાસો સભાસદો વધારવાનો ઠરાવ થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીસેપ્શન કમીટીના મેમ્બરો માટે પચીશ, પંદર અને પાંચ રૂપીઆ ફી મુકરર કરવામાં આવી હતી.

ત્યાર બાદ **કોરસ્પોન્ડન્સ કમીટી**, ઉતારા **કમીટી**, મંડપ **કમીટી**, ભોજન **કમીટી**, રેલ્વે રીસેપ્શન **કમીટી**, વોલન્ટીયર **કમીટી**, હીસાબ **કમીટી**, પ્રેસ તથા રીપોર્ટ **કમીટી**, ટીકીટ **કમીટી**, હેલ્થ **કમીટી**, ફંડ **કમીટી** વિગેરે કમીટીઓની નીમણુક જાહેર કરવામાં આવી હતી.

ઉપર પ્રમાણે નીમણુંક થયા બાદ ટીકીટો વિગેરેની આવક બાદ કરતાં ફંડમાંથી વધારો વધે તો તે ફાળા પ્રમાણે વહેંચી આપવા અથવા ફંડ ભરનારાઓની મરજીમાં આવે તે ખાતામાં નાંણાં આપવાનો ઠરાવ થયો હતો.

હીસાબ તપાસનાર મુકરર કરવાનું કામ આગળ ઉપર રાખ્યું હતું.

કોન્ફરન્સની બેઠક માટે તા. ૨૨—૨૩—૨૪ મી મે, એ વાર શનિ, રવિ અને સોમ, જેઠ શુદ ૩—૪—૫ ના દિવસો નક્કી કરવામાં આવ્યા હતા.

હાલને માટે અડધાં નાણાં ઉઘરાવી શરાફ તરીકે શા. હીરાજી હકમાજીને ત્યાં કોન્ફરન્સના નામે તે નાણાં જમે કરાવવાનો અને બજેટના પ્રમાણમાં સેક્રેટરીઓની સહીથી ઉપાડવાનો ઠરાવ થયો હતો.

ડેલીગેટ અને વીઝીટરની ફી રૂ. ૨) અને સ્ત્રીઓમાટે એક દિવસના આઠ આના અને ત્રણ દિવસની ટીકીટનો રૂ. ૧) લેવાનો ઠરાવ થયો હતો.

કોન્ફરન્સની ઓફીસ શુકરવાર પેંઠમાં રાખવામાં આવી છે.

કોન્ફરન્સના પ્રમુખ ચુંટવાનો વિચાર કરવામાં આવ્યો છે. તેઓની મંજુરી મળ્યા બાદ જાહેર કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

ઉપર પ્રમાણે ઠરાવ થયા બાદ રાતના ચાર વાગે શ્રી શાંતિનાથની જય બોલાવી સભા વિસર્જન થઇ હતી.

For Private And Personal Use Only